**વિશેષ ભાવાર્થ :**

પ્રભુની જે અંગસૃષ્ટિ (પુષ્ટિસૃષ્ટિ) છે તે પ્રભુને અતિ પ્રિય છે. આપ ગીતાજીમાં અને ભાગવતમાં ''મને ભક્ત બહુ પ્રિય છે.'' તેમ કહે છે. આવા ભક્ત સાથે ભગવાન લીલા કરવા તથા ભક્તોને સુખ આપવા જ પ્રભુ ભૂતલ પર તથા ઘરે ઘરે સ્વરૂપસેવા દેવા પધારે છે. ભગવાનનો ભક્તમાં નિરોધ થાય ત્યારે આપને માટે સર્વ સૃષ્ટિનો લય થઈ જાય છે. ભગવાન પોતાની શક્તિને પોઢાડીને પછી તેની સાથે પોઢે છે. તેમ ૧૦-૧ ભાગવતના ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે. શ્રી સ્વામિનીજી ભગવાનાં મુખ્ય શક્તિ રૂપે પોતે સ્વયં છે. શ્રીસ્વામિનીજીનાં સ્વરૂપે સર્વ ભક્તજનો આપમાં વ્યષ્ટિરૂપિ બિરાજે છે. જે આપે સૃષ્ટિ-જગત રચ્યું છે તે રંગ મહેલ છે. તેમાં આપ લીલા કરે છે. પરંતુ જીવના ભાવનું ઉદ્દીપન કરવા માટે તાપ-ક્લેશ રૂપ અંગીઠી અંતઃકરણના એકાન્તમાં ધરે છે અને જગતના વિષયોથી અલિપ્ત રહેવા માટે પરદા પાડયા છે. ભક્તને તો સુખ જ કરનારા છે. પ્રભુ સાથે ખેલવા માટેની અંતઃકરણરૂપ નાની સી કોઠરી (ચિત્રસારી) તે ખૂબ જ ચિત્ર-વિચિત્ર છે. તેમાં રહેલા મનને કારણે અનેક સંકલ્પ વિકલ્પ થાય છે. પરંતુ તે પ્રભુસંબંધિ હોવાથી (જગમગાત અતી ભારી) .

જ્યારે જીવ પ્રભુના મુખનું તંબુલ લઈ પોતે પોતાના મુખમાં મુકે છે એટલે કે પ્રભુના હૃદયનો ભાવ, પોતે પોતાનામાં મૂકે છે અને પોતાનો ભાવ પ્રભુને સમર્પે છે. ત્યારે આ ભાવની લેવડ-દેવડથી પ્રભુ તેને પોતાનો કરી દે છે તેથી 'અંકભર' અને તેવા જીવનો નિરોધ પ્રભુ સિદ્ધ કરે છે અને જીવનો લૌકિક-અલૌકિક ભાર પ્રભુ ઉપાડી લે છે. આમ પ્રભુ ગિરિધારી લીલા કરે છે. જગતમાં તો સત્વ-રજ-તમ્ ત્રણ ગુણોની જ બોલબાલા છે પણ આ જીવ તો જ્યારે અલૌકિક ગુણો તથા નિર્ગુણભાવના ભંડાર રૂપ થઈ જાય છે (અતી વિચિત્ર ગુનરૂપ આગરી) તેવા જીવને પ્રભુને પ્રિય બનાવવા રૂપ અનેક સામગ્રી લલિતાજી પ્રભુ સન્મુખ કરાવે છે. લલિતાજી પ્રભુને સિફારીસ કરે છે. દામોદરદાસ હરસાનીજી જે મુખ્ય સ્વામિનીજીના પણ પ્રિય સખી છે તેવા દાસાનુદાસની કૃપાથી જીવ પર સત્વરે કૃપા થાય છે (લલિતા સુખ પ્રચારી) ત્યારે તે જીવને પ્રભુનું અદ્‌ભૂત સુખ, સ્વરૂપાનંદનો લાભ પ્રાપ્ત થાય છે. તે એવું સુખ છે કે તેમાં આ તન-મન-ધન બધું જ ઓવારી દઈએ. એટલે કે તેને સમર્પિત કરી દઈને પ્રભુમાં જ તલ્લીન થઈ જઈને સુખમાં મહાલીયે, બિલકુલ હળાફૂલ થઈને. (તન-મન-ધન બલિહારી).



॥શ્રીહરિ:॥

# ભગવત્કીર્તન રહસ્ય

## વિભાગ-૬

- ઉરાહને
- છાક
- પલકન કી ભાવના
- ઉષ્ણકાળ – રાજભોગ દર્શન
- આવની
- આશ્રય
- વસંત બહાર
- વસતં પાલને
- ધમાર
- દ્વિતીય પાટ
- વર્ષાકાલ – છાક

# ઉરાહને કે પદ

**(૧૩૭) રાગ - બિલાવલ** 3/૧૯૧

**તેરે રી લાલ મેરો માખન ખાયો**
**ભરદુપહરિ લખ સૂનો ઘર ઢોર ઢંઢોર અબ હી ઉઠ ધાયો** ૧
**ખોલ કિવાર અકેલે મંદિર દૂધ દહ્યો સબ લરકન ખાયો**
**છીકેતે કાઢ ખાટ ચઢ મોહન કછૂ ખાયો કછૂ ભૂ ઢરકાયો** ૨
**નિત્ય પ્રતિ હાની કહાં લો સહિયે યહ ઢોટા એસે ઢંગ લાયો**
**પરમાનંદ રાની તુમ બરજો પૂત અનોખો તેંહી જાયો** ૩

**ભાવાર્થ :**

ગોપી શ્રીયશોદાજીને ફરિયાદ કરે છે કે - તારો લાલ મારું માખણ ખાઈ ગયો. હવે તે માખણ કેવી રીતે ખાધું ? તે પ્રસંગ વર્ણવે છે, ''ખરા બપોરે સુનું ઘર કોનું છે તે શોધી - જોઈને મારા ઘરમાં તેઓ ઘૂસી ગયો.'' (૧)

આ એકલા પડેલા ઘરમાં કમાડ ખોલીને દૂધ-દહીં વગેરે તો બધું છોકરાઓએ ખાધું અને છીંકા પર ઊંચે મૂકેલા માખણને કાઢવા માટે ખાટલાને આધારે ચઢીને પછી કેટલુંક ખાધું અને કેટલુંક જમીન પર ઢોળી દીધું. (૨)

એ એકાદ દિવસની વાત હોય તો તો ઠીક છે પણ રોજનું નુકસાન તો કેવી રીતે સહન થાય ?

આવા બધા કરતૂત આ છોકરો કરે છે. શ્રીયશોદાજીનો કશો પ્રતિભાવ ન જોતાં ગોપી પછી વ્યંગમાં કહે છે કે આવો અનોખો પુત્ર તો તમને એકલાને જ છે ! એને ખીજો તો ખરા ! પરમાનંદદાસજી આ મધુર લીલાને નિરખી રહ્યા છે. (૩)

**વિશેષ ભાવાર્થ :**

અહીં વલ્લભી વૈષ્ણવ તેના માથે બિરાજતા ઠાકુર જેમણે પધરાવી આપ્યા છે તેવા શ્રીવલ્લભને કહે છે હે વલ્લભ ! તારા લાલે મારા જીવનના સારરૂપ સ્નેહ (માખણ)નો અનુભવ કર્યો છે, કરાવ્યો છે. તે અનુભવ અનુભાવ કહે છે.

જ્યારે અમારી આર્તી (ગરમી) ચરમ સીમાએ (બપોરે) પહોંચી ત્યારે તે દોડતો આવ્યો કે જ્યારે મારું ચિત્ત જાગતિક અહંતા-મમતા વગરનું (સૂનું) હતું. ત્યારે તે તેવા ઘરને જ શોધતો હતો.

મારી અહંતા-મમતાના વિષયોનો તેને પરોક્ષ રીતે વિનિયોગ કર્યો (બાળકો એ દૂધ-દહીં ખાધા) અને જે સ્નેહરૂપ માખણ હતું તે તો મારા હૃદયરૂપ શિંકામાં ચઢાવીને મૂક્યું હતું તેને તો તેણે પ્રમેયના (ખાટલાના) આધારે ઉતારીને ખાધું ત્યારે તેનામાં રહેલો સ્નેહ પણ ઊભરાઈને બહાર પ્રકટ થયો તે ઢોળાઈ ગયો.

આ પ્રકારની પ્રીતનો પ્રભુનો સાનુભવ ક્યારેક જ થાય તેથી વિપ્રયોગરૂપ દુઃખ થતું નથી પણ જો રોજ રોજ થાય તો પ્રભુમીલનની આર્તી થાય અને અસહ્ય થઈ પડે.

હે વલ્લભ, આપ આપના લાલને એ પ્રકારે બરજો કે તે માખણ ખાધા પછી ભાગી ન જાય પણ અમને તે સંયોગરસના સુખનું દાન કરે.

આપના આ પુત્ર જેવો પુત્ર કોઈને જ નથી, તે અનોખો છે કેમ કે તે તો પૂર્ણબ્રહ્મ હોવા છતાં ભક્તવત્સલતા પ્રકટ કરીને આવી લોકવત્ લીલાથી ભક્તોના મનનો નિરોધ કરી લે છે.

**(૧૩૮) રાગ – બિલાવલ** **૩/૧૯૧**

અપનો ગામ લેહુ નંદરાની, બડે બાપકી બેટી
ચાતેં પૂત હી ભલી પઢાવત બાની ૧
સખા ભરી લે પેઠત ઘરમેં આપ ખાય તો સહીયે
જબ મૈં ચલી સ્યામ હી પકરન તબ કે કહા ગુન કહીયે ૨
ભાજ ગયો દૂર દેખત કિત હૂ મૈં પોઢી જબ આય
હરે હરે બેની ગુહી પાછે બાંધી પાટી જાય ૩
સુન મૈયા યાકે ગુણ મોંસો ઈન મોહી લીયો બુલાઈ
દધીમેં પરી સહત કી ચેંટી મોપે સબે કઢાઈ ૪
ટહલ કરત યાકે ઘરકી મૈ યહ પતિ સંગ સોઈ
સૂર વચન સુન હસી યશોદા ગ્વાલ રહી મુખ જોઈ ૫

**ભાવાર્થ :**

ગોપી કનૈયાની ફરિયાદ લઈને આવી છે અને કહે છે કે આ તારા ગામમાં રહીએ છીએ તે જોઈએ તો તે લઈ લે એટલે કે અમને ગામમાંથી કાઢી મૂક. અમે તને કંઈ કહી શકીએ નહીં, કેમ કે તું તો મોટા ઘરના બાપની બેટી છે અને તેથી તો તારા છોકરાને સારું શીખવે છે !

હવે છોરો શું શીખીને કરતૂત કરે છે તે કહે છે - સખા-મિત્રોનું ટોળું લઈને ઘરમાં



પેસી જાય છે અને દૂધ-દહીં, માખણ વગેરે ખાય છે. તે એકલો જ જો ખાય તો તો ઠીક છે, તારા ગામમાં રહીયે છીયે માટે સહી લઈએ. પછી જ્યારે હું શ્યામને પકડવા માટે દોડી ત્યારે તેનાં ગુણ (લક્ષણ)નું શું કહેવું ? (૨)

દૂર દૂર તે તો ભાગી ગયો. મને લાગ્યું કે તેને નહિ પકડી શકાય તેથી હું આવીને મારા ઘરમાં પોઢી ગઈ ત્યારે તે તો ધીમે ધીમે પાછો આવી ગયો અને ખાટલા પર લટકતા મારા વાળની ચોટી ગૂંથીને પછી તેને ખાટ સાથે બાંધીને જતો રહ્યો. (૩)

ગોપીની ફરિયાદ પૂરી થઈ એટલે તરત જ કહાન પોતાનો બચાવ કરે છે કે - હે મા ! તું આના ગુણ મારા મોઢેથી સાંભળ - એને જ મને બોલાવી લીધો હતો કેમ કે તેને સ્વાર્થ હતો. તેના દૂધમાં હજારો કીડીઓ પડી હતી તે મારી પાસે કઢાવી. (૪)

હું તેના ઘરના નાના મોટા કામ કરું છું અને એ તો બાપડી આરામથી તેના પતિ સાથે સુતી રહે છે.

કનૈયાના આવાં વચન સાંભળીને જશોદા મા ફરિયાદને વિસરી ગયા અને કનૈયાના વચનોમાં આસક્ત થઈને મુસકાવા લાગ્યા.

એટલે ગોપી તો આ બન્ને મા-દીકારાનાં મુખ જોતી ઊભી જ રહી ગઈ કે ફરિયાદને તો ટલ્લે ચઢાવી દીધી. (૫)

**વિશેષ ભાવાર્થ :**

સંસારાસક્ત જીવ (ગોપી) શ્રીવલ્લભ (નંદરાણી)ને ફરિયાદ કરે છે કે આપ તો મહાપુરૂષ છો. જેથી અમે તો બ્રહ્મસંબંધ લઈ લીધું (તમારા ગામમાં રહ્યા) પણ આ તમારો લાલ તો પોતાના પરિકર સાથે આવીને મારી વસ્તુઓનો વિનિયોગ કરી લે છે. આમ તો હું નિર્ધન થઈ જઈશ. માત્ર મિશ્રી કે લાડુરી માત્ર ધરવાની હોય તો ઠીક છે. તેવી રીતે હું શ્યામને પકડવા દોડી પણ મારા મનનો ભાવ તે જાણી ગયો કે આનો સમર્પણ ભાવ નથી પણ લાભ પામવાનો ભાવ છે જેથી તે તો દૂર ભાગી ગયો. એટલે હું તો શાંતિથી મારા સંસારમાં પોઢી ગઈ, પ્રભુને વિસરીને. પણ તે તો દૈવીજીવનો ઉદ્ધાર કરવા માગે છે જેથી ચૂપચાપ આવીને મારા સંસારને ગૂંથવા લાગ્યો બાંધી દીધી. પરંતુ હું ગમે તેમ કરી છૂટીને આપને ફરિયાદ કરવા આવી છું કે મને સંસારમાં બાંધે નહીં પણ સંસારથી છોડાવે.

ત્યારે કનૈયો શ્રીવલ્લભને કહે છે કે - આના ગુણ કેવા છે તે આપને કહું કેમ કે હું તો અંતર્યામી છું, બધું જ જાણું છું. આને બ્રહ્મસંબંધ એટલા માટે લીધું અને મારી

સેવા એટલા માટે પધરાવી (મને બોલાવ્યો) કે જેથી તેનો સ્વાર્થ સધાય. તેના સંસારની મુશ્કેલીઓ દૂર કરવા (દૂધમાંથી ચીંટી કાઢવા) અને મારા થકી તેના બધા કામ કરાવે છે. બાધા-આખડી રાખીને સકામતા જતાવે છે. આમ મારી પાસે ટહેલ કરાવે છે. તેને કંઈ મારા માટે પ્રેમ નથી અને પોતે તો પાછી સંસારના વિષયોરૂપ સુખ (પ્રતિ) સાથે પોઢી જાય છે. નહિ કે મારી કંઈ સેવા કથા કરે છે.

પ્રભુના આવાં વચન સાંભળી શ્રીવલ્લભ પ્રભુની લીલાથી ચૂપ કરી રહે છે ત્યારે આવો જીવ ભોંઠો પડી જાય છે કે હું તો ગુરુ આગળ પણ ખૂલ્લો પડી ગયો. હવે હું ક્યા મોઢે કહું કે મને સંસારથી છોડાવો અને ભક્તિના સુખનું દાન કરો! હવે તો વલ્લભ કૃપા કરે તો પ્રભુ કૃપા કરે.

(ગોપી - ગો-ઈંદ્રિયોમાં પરાયણ તે ગોપી.)

**(૧૩૯) રાગ – બિલાવલ** **૩/૧૯૧**

**ગારી મતી દીજો મો ગરીબની કો જાયો હૈ**
**જિતતો બિગાર કીયો આન કહો મોંસો તુમ**
**મેં તો કાહૂ બાતન મેં નાહીં તરસાયો હૈ** ૧
**દધિકી મટકી ભરી આંગનમેં આન ધરી**
**તોલ તોલ લીજો ભટૂ જેતો જાકો ખાયો હૈ**
**સુરદાસ પ્રભુ પ્યારે નિમિષ ન હૂં જે ન્યારે**
**કાન્હ જૈસો પૂત મૈં તો પૂરે પૂન્યન સોં પાયો હૈ** ૨

**ભાવાર્થ :**

મારા કનૈયાનું બૂરુ બોલશો નહીં. કેમ કે આ કનૈયા વગરની ગરીબ તેવી મારીનું આ જ તો જીવન છે. તે મારો પુત્ર છે અથવા કહો કે મારા પ્રાણ છે. તેણે કદાચ તમારું કંઈ નુકસાન કર્યું હોય, દૂધ-દહીં ખાધા-ઢોળ્યા કે ખવડાવ્યા હોય તો આવીને તમે મને કહો. પણ તેને કશુંજ ન કહેતા કેમ કે તમે જૂઓ, આ પહેલાં પણ મેં તમને કોઈ પણ વાતમાં તરસાવ્યા નથી. તમે જે કહ્યું તે માની લઈને તમારું સમાધાન કર્યું જ છે, જેથી ખચકાશો નહિ. દૂધની મટકી આંગણમાં જ ભરીને લાવી મૂકી છે. જેથી તમે જાતે જ જેનું જેટલું મારા લાલે ખાધું પીધું હોય તે કુલડાથી માપી માપીને તેટલું લઈ લેજો. કેમ કે આ સૂરદાસનો પ્રભુ મને ખૂબ જ પ્રિય છે, વ્હાલો છે જેથી તેના માટે કંઈ બૂરુ બોલો અને કદાચ મારા મનમાં દુર્ભાવ ક્ષણ માટે પણ આવે તેટલો પણ હું તેને મારા ચિત્તથી દૂર કરવા નથી



માંગતી. કેમ કે આ મારા કાન્હ જેવો પુત્ર તો મેં મારા પૂર્ણ ભાગ્યને કારણે જ પ્રાપ્ત કર્યો છે.

**વિશેષ ભાવાર્થ :**

આપણા માથે બિરાજતા પ્રભુ જે આપણને પ્રાપ્ત થયા છે તે સહસ્ત્ર પરિવત્સરથી ભટકયા પછી કોઈક કૃપારૂપ પૂર્ણભાગ્યના કારણે જ આ જન્મે પ્રાપ્ત થયા છે. જેથી તે પ્રભુને એક ક્ષણ પણ વિસરાવા નહિ. કદાચ દુઃખ કે મુશ્કેલીઓ આવે તો પણ તે મારા પ્રભુએ આપ્યા તેવા દુર્ભાવ લાવવાથી પ્રભુમાં સ્નેહ ઘટી જાય. જેથી દુઃખ વગેરે તો પોતાના કર્મના કારણે આવ્યા છે તેમ માનવું. જેથી દુઃખ વગેરે ભોગવવાના થાય તે ભોગવી લેવા જેટલા પણ કર્મો હોય તેના બદલામાં જેટલા પણ દુઃખો આવે તે માપી માપીને ભલે ભોગવાય પણ તે દૂર કરવા પ્રભુને શ્રમ ન અપાય કે ન તેમને દોષ દેવાય કે ન તેમનું નામ દેવાય. તે તો પ્રેમની પરિભાષા છે. મારા પ્રેમનું સ્વરૂપ અને મારું સર્વશ્વ વિશેષ પ્રિય એવા તેનાથી મારું જીવન જ પ્રભુ છે જેથી મારા કર્મનો દોષ છે પણ મારા પ્રભુ તો નિર્દોષ છે જેથી બદલો જે લેવો હોય તે મારાથી લેશો. મારા પ્રભુને વચમાં લાવશો નહીં.

**(૧૪૦) રાગ – બિલાવલ** **૩/૧૯૧**

**મહરિ તો હી બડી કૃપન મૈ પાઈ**
**દૂધ દહી દિયો જો વિધાતા તોહી સો તો ઘરત છિપાઈ** ૧
**બાલક બહૂત નહિ રી તેરે એક હી કુંવર કન્હાઈ**
**સો હૂ તો ઘર હી ઘર ડોલત માખન ખાતે ચુરાઈ** ૨
**વૃદ્ધ વેશ પૂરવ પૂન્યનં તેં યહ નિધિ ભાગ્યન પાઈ**
**તાહૂ કે ખૈવે પીવેકો એતી કહા ચતુરાઈ** ૩
**સૂનત બચન ચતુર નાગરી કે જસુમતીનંદ સુનાઈ**
**સૂરશ્યામ કો ચોરી કે મીસ દેખનકો યહ આઈ** ૪

**ભાવાર્થ :**

ગોપી યશોદાજીને ત્યાં કનૈયાની ચોરીના સ્વભાવનું કારણ કહેવા આવી છે. તે દોષ કૃષ્ણને નથી આપતી પણ યશોદાને આપે છે કે - મહરિ! તું આટલી બધી કંજૂસ છે, તે તો મેં આજે જ જાણ્યું. વિધાતાએ તો તને નવલાખ ગાયો આપી છે અને તારે ત્યાં દૂધ-દહીંની તો રેલમછેલ છે તો પણ તું તેને છૂપાવીને રાખે છે! (૧)

તારે બાળકમાં તો એક કનૈયો છે. ઘણા બાળકો તો છે નહિ! તારી આ કંજૂસાઈને કારણે જ તારો છોકરો ઘરે ઘરે ભટકે છે અને ચોરી કરીને માખણ ખાઈ જાય છે. (૨)

તારા પૂર્વનાં પૂણ્યને લીધે તો તને આ પરમભાગ્ય રૂપ કનૈયો મળ્યો છે અને તે પણ આ ઘડપણમાં, તમે વૃદ્ધ થયા છો અને તે પરમ ભાગ્યરૂપ એકનો એક બાળક છે તો પછી તેના ખાવા-પીવાની બાબતમાં જ આવી ચતુરાઈ કાં કરો છો? તેના ખાવાથી ઘટી જશે? (૩)

ગોપીના આવા ચતુરાઈ ભર્યા વચન સાંભળીને નંદ-યશોદા પોતાની ચતુરાઈ પ્રદર્શીત કરતાં વચનો ગોપીને કહે છે કે - તારી આ બધી વાતો તું મને કહેવા આવી છે કે તારે બીજું કંઈ કામ છે? અમે જાણી ગયા છીએ કે તું કોઈને કોઈ બહાને મારા શ્યામને નિરખવા આવી છે! (૪)

**વિશેષ ભાવાર્થ :**

જીવને જે કંઈ ધન-સંપત્તિ આપ્તજન, આલોક, પરલોક મળ્યા છે, તે તો સૌના વિધાતા તેવા પ્રભુની દેણ છે. પણ જીવ તે બધું પોતાનું માની બેઠો છે, જેથી તો તેનો વિનિયોગ પૂર્ણ રીતે પ્રભુ માટે કરવો જોઈએ પણ કરતો નથી.

તેથી પ્રભુ તો મારે ઘરે બીરાજે છે તે કહેવા માત્ર પણું રહે છે અને માટે તો પ્રભુ તે જીવને છોડીને ઘડી ઘડી બહાર ચાલી જાય છે. તે ભક્તથી બંધાયેલા નથી રહેતા. જીવને એ ભાન નથી કે તેના ઘરે જે પ્રભુ બિરાજે છે તે જીવની લાયકાત નથી (વૃદ્ધ) છતાં પ્રાપ્ત થયા છે અને આ પ્રભુ જ પરમ નિધિ છે. સંસારિક વિષયો નિધિ નથી. તથા તે પ્રભુ જ સર્વવસ્તુ માત્ર છે. તેના સિવાય બીજું કંઈ નથી આમ એક માત્ર જે કંઈ છે તે તો પૂર્ણબ્રહ્મ આપણા ઘરે પધાર્યા છે. આમ તે એકનો એક છે. માટે જે કંઈ આપણી સત્તામાં છે તે તેના માટે જ વિનિયોગ કરવો જોઈએ કે- તેને જ સમર્પિત કરવું જોઈએ. કંજૂસાઈ તે તો અસમર્પિત ભાવ છે. આવી રીતે 'પ્રભુને સમર્પ્યા વગર પોતાના માટે વાપરવામાં દોષ નથી' તે માટેના વાક્યો શાસ્ત્રમાંથી શોધી કાઢવા તે તો ચતુરાઈ માત્ર છે.

**(૧૪૧) રાગ – બિલાવલ** 3/૧૯૨

મહરિ તુમ વ્રજ ચાહત કછુ ઓર
બાત એક મૈ કહત નાહીં, આપ લગાવત ઝોર ૧
જહાં બસે પતન હી આપની, તજન કહ્યો સો ઠોર



સુતકે ભયે વધાઈ પાઈ, લોગન ખેદત હોર ૨
કાન્હ પઠાય દેત ઘર લૂટન કહત કર્યો યહ ગોર
વ્રજઘર સમુઝ લેહોં મરેઠી, હા હા કરત કર જોર ૩

**ભાવાર્થ :**

ગોપી યશોદાજીને નિશાન બનાવીને જ ફરિયાદ કરે છે, કહે છે - હે મહરી, આ વ્રજને કંઈક જુદું જ તમે ધારી લીધું છે અથવા વ્રજવાસીઓ પાસે તમે કંઈક જુદું જ ઈચ્છી રહ્યા છો કે જેથી મનમાની કરો છો. અમે તો એક અક્ષરે ય બોલતા નથી અને છતાં તમે જ આરોપ લગાવીને કંકાસ ઊભો કરો છો! (૧)

ગોપી હવે એક બોધ વચન કહે છે કે જે સ્થળે રહેવાથી આપણું પતન જ થવાનું હોય તો તેવી જગા છોડી દેવી જોઈએ. તમારે ત્યાં પુત્રનું પ્રાકટ્ય થયું તેથી અમે તો પ્રસન્ન થયા. પરંતુ અમારા માટે તો ખેદ બનીને અટક્યો! (૨)

અમારા ઘર લૂંટી લેવા માટે કાન્હને મોકલી આપો છો. આ તે કઈ નવી જાતી પ્રકટી? અમે તો વ્રજને અમારું ઘર સમજ્યું છે એટલે અહીં જ મરીશું. પરંતુ તમોને હાથ જોડીને કરગરીએ છીએ. (૩)

**વિશેષ ભાવાર્થ :**

(મહરિ) - વેદઋચા. તૂ તો (વ્રજ) સદ્‌ગતિનો રસ્તો બતાવે છે પણ અમારી ઈચ્છા બીજી કંઈક છે તે છે, નંદનંદનના સ્વરૂપમાં અટકી જવું. (સ્વરૂપ નિરોધ). અમારી પાસે તો તે માટેની વાત-વાટ-રસ્તા એકે નથી. બસ સ્નેહ જ અંદર છે અને તમે તો કર્મ-જ્ઞાન-મર્યાદા ભક્તિ- ઉપાસના - યોગ - સાંખ્ય - તપ જાત જાતની ઘણી વાતો કરો છોં (લગાવત ઝોર). અમે તો એટલું જ સમજીએ છીએ કે જે મારગમાં બેસવાથી અમારી (પતન) ટેક ન રહે (પ્રભુ સંગની) તે મારગને છોડી દેવો, જેથી અમને વેદ માર્ગ માફક નથી આવતો.

પ્રભુ જ્યારે પુત્રરૂપે (નંદ-યશોદાના) પ્રકટયા તે તો અમારા સ્નેહના વધવાના કારણ રૂપ બન્યા. તે સુતના કારણે તો અમારામાં રહેલો સ્નેહ વધવા લાગ્યો (વધા-ઈ) પ્રેમ આસક્તિ - વ્યસન - તન્મયતા - તેથી અમારી લૌકિકતાને પણ ખેદ થયો. આમ લોકપણ છૂટયું. વૈદિક તો પહેલાં છુટયું જ હતું! અને અમારી આ લૌકિકઆસક્તિ રૂપ ઘરને લૂંટવાનું કામ કનૈયાએ જ કર્યું છે અને તેને પણ તમે વેદોએ જ મોકલ્યો છે, કેમ કે - તમે જ તો તેને રસોવૈસઃ કહ્યો છે. તેથી તે રસરૂપ જ્યાં પ્રેમરસ જૂએ ત્યાં આવે છે અને પ્રેમ સિવાય બાકી સર્વને લૂંટી લે છે.

માટે હે મહરિ! વ્રજને ગતિ ન માનો પણ તેને ઘર સમજો. ઘરનો ઠાકુર છે તો ઠાકુર ઘરમાં રહેશે ક્યાંય ગતિ નહિ કરે, જશે નહિ. અને મૃત્યુ પર્યંત તેની સાથે જ ઘરમાં રહેવું છે. સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિ, સર્વદા સર્વ; ભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્ય કવાપિ કદાચન, એવં સદાસ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ.

તને હાથ જોડીને ફરી ફરી વિનતી કરું છું કે આ જ પરમ સત્ય છે, પરમ ફળ છે તે સમજ.

### (૧૪૨) રાગ – બિલાવલ 3/૧૯૨

ગ્વાલિની આપ તન દેખ મેરે લાલન દેખરી
ભીત જ્યોં હોય તો ચિત્ર અબ રેખરી
મેરો લાલન હૈ પાંચ હી બરસકો રોયકે અજહૂ પયપાન માંગે
તૂ તો અતી ઢીઠ જોવનમત ગ્વાલિની ફ્રિરત ઈતરાત ગોપાલ આગે ૧
મેરે લાલનકી તનક સી અંગુરી, યે બડે નખન ચિન્હ તેરે
મષ્ટકર હંસેગેં લોગ અગવારકો યહ ભૂજા કહાં પાઈ સ્યામ મેરે ૨
ઝુકવલી, ગ્વાલિની નયનન હંસી નાગરી ઉરાહનેકે મિસ અધિક પ્રીતિ બાઢી
એક સૂન સૂર સર્વસ્વ હર્યો સાંવરે અનઉત્તર મહરિકે દ્વાર ઠાડી

**ભાવાર્થ :**

ગ્વાલિની ફરિયાદ કરવા આવી છે કે તમારા લાલને મારી સાથે અમછાજતાં અડપલાં કર્યા છે. તેનો પ્રત્યુત્તર યશોદાજી આપે છે -

ગ્વાલિન, તું તારો દેહ જો. મારા લાલનો દેહ જો તને શું સરખા લાગે છે? અને જ્યાં દિવાલ હોય ત્યાં બન્નેના ચિત્ર દોર તો તને ખ્યાલ આવશે કે લાલનું વપુ તારા જેવડું છે? મારો લાલ તો પાંચ જ વરસનો છે અને હજુ પણ પયપાન માગે તેવડો નાનકો છે અને તું તો જોબનના કારણે મત્ત એવી ઢીઠ-ધૃષ્ટ છે. તેથી ગર્વપૂર્વક ગોવાળીયાની આસપાસ ફરે છે. (૧)

મારા લાલની આંગળીઓ તો એકદમ નાની છે અને તું જે મને નખ ચિન્હ બતાવે છે તે તો કેટલા મોટા છે! તેથી લોકો, (તારો સમાજ) તારી અસંસ્કારીતા માટે મનમાં હસશે, કેમ કે મારા શ્યામની તો આવડી ભૂજા હોય નહિ.! (૨)

ગ્વાલિન યશોદાજીના આ વચનો સાંભળીને નયનોથી હસી પડી. એટલે કે તેની



આંખોમાં ખુશી દેખાઈ પડી કેમ કે આ ઠપકાને લીધે તો કનૈયામાં પ્રીતિ વધી અને તે એટલી વધી કે સાંવરિયાએ સર્વસ્વ હરિ લીધું તેથી તો યશોદાજીને દ્વારે મૂઢસી ઠાડી રહી ગઈ. (૩)

### (૧૪૩) રાગ – બિલાવલ 3/૧૯૨

કાહે આય ન દેખિયે રાનીજૂ અપને સૂત કે કરમ
ભાજન ભવન એક ન રહ્યો, કહ્યો તો આગે હંસ પરી હૈ
એસે જાને કો કાહૂકો મરમ ૧
દિન દિનકી હાનિ દૂજે રાખત ન નેક કાન કહોજૂ
બસબેકો કૌન ધરમ
નંદદાસ પ્રભુ મૈયા કે આગે સાધુ વ્હે બૈઠે ચોરી કો કહા ભરમ ૨

**ભાવાર્થ :**

ગોપીજનો યશોદાજીને કનૈયા બાબતે ફરિયાદ કરે છે - તમે જાતે જ શા માટે પુત્રના કરતૂત અમારે ત્યાં આવીને જોઈ નથી લેતા?

અમારા ઘરમાં એકે પાત્ર સાજુ-સમુ રહ્યું નથી અને તમોને આ વાત કહીએ છીએ તો તમે તો હસીને વાત વિસારે પાડી દો છો. એટલે અમને તો લાગે છે કે આ વાતમાં કંઈક રહસ્ય જરૂર છે. (૧)

આ રોજ રોજનું નુકસાન બીજાઓ ખમે રાખે છે. કે જેથી તમે કનૈયાને સહેજ પણ ઠપકો નથી આપતા.

આ તે તમારા જેવા મુખ્યા-અધિકારીનો કેવો ધરમ કર્તવ્ય? આ આખો સંવાદ ચાલે છે તે દરમિયાન નંદદાસજીના પ્રભુ કનૈયા તો મૈયાની પાસે જાણે સાધુ હોય તેમ ચૂપચાપ બેસી રહ્યા છે કે જાણે આ ચોરીનો આક્ષેપ કોનાય માટે થઈ રહ્યો હોય? જાણે કે આ ચોરી વિશે કંઈ જ જાણતા ન હોય તેમ! (૨)

### (૧૪૪) રાગ – બિલાવલ 3/૧૯૨

દિન દિન દેન ઉરહાનો આવે
યહ ગ્વાલિની જોબન મદમાતી ઝૂઠેં દોષ લગાવે ૧
યહ કહી ભાજન ઘરે પરાયે કહા મેરા મોહન પાવે
લરકા અતી સુકુમાર ગૃહત તન હલધર સંગ ખિલાયે ૨

કબહૂ કર મથની લેકે આંગન હાથ નચાવે
કબહૂ કહત કંચુકી ફારી કબહૂંક ચોર બતાવે 3
મન લાગ્યો કાન્હ કમલદલ લોચન ઉત્તર બહુત બનાવે
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરમુખ યહ મિસ છિન છિન દેખન આવે ૪

**ભાવાર્થ :**

શ્રી યશોદાજીને પોતાના પુત્ર પ્રતિના સ્નેહમાં કોઈ ભાગ પડાવી જાય તે પાલવતું નથી. તેથી ગોપીઓ પ્રતિ કહે છે કે -

રોજ રોજ આ ગ્વાલિની કનૈયા બાબતે ઠપકો દેવા આવે છે, તેમને જુવાનીના કારણે અભિમાન (મદ) એટલું છે કે કુદરતનો પણ ડર નથી. તેથી તો જૂઠું બોલીને મારા લાલા પર દોષ લગાવે છે. (૧)

સાંભળો, કેવા કેવા દોષ લગાવે છે? કે જે આ નાનકડા લાલાથી થવા શક્ય જ નથી - પોતે શું કરે છે તે નથી કહેતી, જેમ કે કહે છે કે - મોટા મોટા પાત્ર ઉચકીને, (તે પણ પારકાના) તેણે માખણ ખાવા ઊતાર્યા. શું મારો મોહન તેવું કરી શકે તેવડો છે? મારો બાળક તો અતી કોમળ વપુ ધારી છે. તે તો બડે ભૈયા હલધરની સાથે જ ખેલે છે અને તેને તો હું હલધરની સાથે જમાડું છું. (૨)

અને આ ગ્વાલિન તો મારા આવા કોમળ લાલને હાથમાં મથની પકડાવી દઈને પોતાના આંગણામાં નાચ નચાવે છે. આમ પ્રતિદાષારોપણ કરે છે.

આ લોકો મને ક્યારેક એવી ફરિયાદ કરે છે કે કાનાએ અમારી કંચુકી ફાડી તો ક્યારેક વળી બીજું કંઈ કહે છે. (૩)

મારા કનૈયાના નેત્રો દૂષિત નથી તે તો બિલકુલ નિર્મળ ભાવવાળો છે પણ આમનું મન જે તેની પાછળ પડી જવાવાળું લાગેલું છે. તેથી તો જાત જાતની વાતો બનાવીને આવે છે.

ચતુર્ભુજદાસ તો, ભક્ત ગોપી અને ભગવાન કૃષ્ણ બન્નેના હૃદયને જાણવાવાળા છે. તેથી કહે છે આ ચતુર્ભુજ એટલે કે ઘણી ભૂજાઓથી અનેક પ્રકારની લીલા કરવાવાળા સમર્થ અને પોતામાં નિરોધ સિદ્ધ કરી દેનાર તેવા મુખારવિંદવાળા છે. તે કૃપાળુના દર્શન માટે કોઈ ને કોઈ બહાનું કાઢીને આ ગોપીજનો ઘડી ઘડી યશોદાજીને ઘરે આવે છે. (૪)



## (૧૪૫) રાગ - બિલાવલ 3/૧૯૨

મૈયા મૈ નહિ માખન ખાયો
ખ્યાલ પરે યહ સખા સબૈ લે મેરે મુખ લપટાયો ૧
દેખત હી છીકે પર ભાજન ઊંચે ધર લટકાયો
તૂ હી દેખ નયન કર અપને મૈ કેસે સોં પાયો? ૨
મુખ દધિ પોંછ બુદ્ધિ એક કાની દોના પીઠ દુરાયો
ડાર સાંટ મુસકાય યશોદા સ્યામ હી કંઠ લગાયો 3
બાલ વિનોદ ભાવકર મોહ્યો માતા મન હી રીઝાયો
**સૂરસ્યામ** યહ યશુમતીકો સુખ દેવન દુર્લભ ગાયો ૪

**ભાવાર્થ :**

આ વખતે તો જ્યાં માખનલીલા થઈ છે ત્યાં ગોપીઓ યશોદાને બોલાવી લાવી અને ત્યાં રંગે હાથ પકડાઈ ગયેલ કૃષ્ણની ફરિયાદ કરવા લાગી ત્યારે કનૈયો પોતાનો બચાવ કરે છે અને કહે છે મૈયા મેં માખન ખાધું નથી. હું ગોપબાળકો સાથે જરૂર હતો પણ જેવો તેઓને અણસાર આવી ગયો કે ગોપી આવી રહી છે એટલે તેઓએ (સખાઓએ) આ માખણ મારા મોઢા પર લગાવી દીધું. (૧)

હવે પ્રભુ યુક્તિ કરે છે અને મા ને કહે છે કે તૂં જાતે તારી આંખથી જ જો કે હું આટલો નાનો છું પછી આ ઊંચે લટકાવેલા પાત્રને કેવી રીતે પહોંચી શકું? (૨)

વળી આ સખાઓએ પછી શું કર્યું તે કહ્યું - પોતાના મોઢા ઉપરથી દહીં લૂછી નાખ્યું અને તે બધા એક થઈ ગયા અને જે દોનાથી દહીં કાઢ્યું હતું તેને પાછળ દૂર ફેંકી દીધા. (૩)

આ વાત સાંભળી યશોદાએ હાથમાંની છડી મૂકી દીધી અને હસીને સ્યામને ગળે લગાવી દીધો.

પ્રભુએ આ રીતે બાલ વિનોદ ભાવથી માતાને મોહ કરી દીધો અને સાચી વાતને છૂપાવી દીધી. માતાના મનને પ્રસન્ન કરી દીધું પ્રભુ આ યશોમતીજીને સુખ આપે છે તે દેવોને પણ દુર્લભ છે તેવું સૂરસ્યામ કીર્તિગાન કરી રહ્યા છે. (૪)

**વિશેષ ભાવાર્થ :**

યશોદાજીને એવો ભાવ છે કે મારો પુત્ર મારું જ માખણ ખાય. માખણ એ સાર છે તેથી મારા જીવનના સારરૂપ જે પ્રેમ છે તે માખણ મારું જ ખાય. પણ જ્યારે

ગોપીઓએ પ્રકટ કરી દીધું કે પ્રભુ તો અમારા સ્નેહનો ઉપભોગ પણ કરે છે ત્યારે યશોદા ગોપીના ઘરે આવીને તપાસ કરે છે. ત્યારે પ્રભુ પ્રેમમગ્ન દશામાં પકડાઈ જાય છે. છતાં બચાવ કરે છે - એટલા માટે કે પ્રભુ કોઈનાય ભાવનો ભંગ કરવા નથી માગતા. જેનો જેવો સ્નેહ તેવો પ્રતિઘોષ. તેથી આપ કહે છે કે ના હું તો તને જ પ્રેમ કરું છું. અન્યની સમક્ષ મારો પ્રેમ પ્રકટ જ કઈ રીતે થઈ શકે ? પણ આ ગોપીજનોને પ્રસન્ન કરવા માટે જ આ મારા મિત્રો છે ને, તેમને નાટ કરવા નટવર રૂપ મારું બનાવવા, મારા મોઢે માખણ લગાવી દીધું. તું જાતે જ નક્કી કર કે તારો પ્રેમ ક્યાં અને આમનો પ્રેમ ક્યાં ? આમનો પ્રેમ તો કેટલા અંતરવાળો છે ? દૂર છે, ઊંચે છે. હું તેવા ક્ષુદ્ર પ્રેમને ઝંખુ તેવો છું ? તારો પ્રેમ તો અગાધ છે !

આ સખાઓ સાચા પ્રેમને શું જાણે ? તેઓ તો દહીં ખાનાર છે તેઓ સારરૂપ પ્રેમને શું જાણે અને તેપણ પાછા લૂછી નાખનારા એટલે કે પ્રેમને ફગાવી દેનારા છે. આવા જૂઠા સ્નેહીઓની વાતો તું શા માટે માની લે છે ?

તેથી યશોદા કે જે પ્રભુને યશ આપનાર છે. મૂળભૂત રીતે તેને ક્ષણિક આવેશમાં પ્રભુયશરૂપ પ્રેમ ભૂલાઈ ગયો હતો જેથી મહાત્મ્યની છડી પકડીને પ્રભુને ડરાવવા આવી હતી કે તમે પ્રેમ આપવા અમારા ગોકુળમાં અમારે ઘરે પધાર્યા છો પણ અમે તો આપના મહાત્મ્યમાં ડૂબશું. આપે પ્રમેય સિદ્ધ કરવા ચાહ્યું છે પણ અમે તો પ્રમાણમાર્ગે આપને મળશું. હવે તેવું નિર્ધારણ આ વ્રજભક્તનું છૂટી ગયું અને કનૈયાની પ્રમેયલીલામાં ગળાડૂબ થઈ ગયા. કંઠે લગાવ્યો તેથી પ્રેમથી 'એકમેક કર સાની' જેવી ઉચ્ચતર દશાને પ્રાપ્ત થયા. જીવનું સામર્થ્ય કેટલું ? પ્રભુએ પોતાનો બાલવિનોદ ભાવ એટલો પ્રબળ કર્યો કે માહાત્મ્ય ભાવ પ્રતિ ભક્તોને રાગ થઈ ગયો હતો તે હવે ભક્તના મનને સ્નેહભાવથી લથબથ કરી દીધું અને ભક્ત પરમાનંદમાં ડૂબી ગયા.

આનાથી વિશેષ વળી કેવી પ્રમેયરૂપ લીલા હોય ? કે જેમાં પ્રભુ ભક્તને સુખ આપવા પુષ્ટિભક્તિ ભક્તની કરે ? આવું સુખ તો સર્વ દૈવી જીવોને હોય તેનાથી દુર્લભ છે તેથી તો શ્રીઆચાર્યજી પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ ગ્રંથમાં આજ્ઞા કરે છે 'શુદ્ધાપ્રેમ્ણાતિ દુર્લભા' અને પ્રભુની આવી પ્રેમલીલાને જે ગાય છે તેઓ જ દૈવી છે.



## (૧૪૬) રાગ - બિલાવલ 3/૧૯૩

સુનો ઘોં અપને સુતકી બાત
દેખ યશોમતિ કાન રાખત લે માખન દધિ ખાત ૧
ભાજન ભાન ડાર સબ ગોરસ વાંટત હૈ કર પાત
જો બરજો તો ઉલટ ડરાવત ચપલ નયનકી ઘાત ૨
જો પાવત સો ગહત ચપલ કર, કહત ન કછું સકુચાત
હોં સકુચત અંચલ કર ઘર કેં રહી ઢાંપ મુખ ગાત ૩
ગિરિધરલાલ હાલ ઐસે કર ચલે ધાય મનહીં મુસકાત
દાસ ચતુર્ભુજ પ્રભુ જાનત હૈ યહ સોં હે દે સાત ૪

**ભાવાર્થ :**

ગોપી યશોમતિ પાસે ફરિયાદ લઈને આવી છે નંદભવનમાં આવતાં જ કહે છે જરા સાંભળો - આપના સૂતની વાત ! હવે માંડીને વાત કહે છે કે - જૂઓ યશોમતિ, આ આપનો સૂત કોઈની (તમારી કે અમારી કે નાના-મોટાની) કહેની રાખતો નથી. એટલે કે તે અવિવેકી છે. તેથી તો વગર પૂછે માખણ અને દહીં જાતે જ લઈને ખાય છે, માંગવા જેટલો વિવેક પણ નથી. (૧)

દહીં-માખણના પાત્રો શોધી કાઢે છે તથા તેમાંથી ગોરસ હાથમાં જ બીજાને આપે છે, ગોરસ ખાવા પાત્ર પણ નથી વાપરતો. આવા તેમના સર્વથા અસંસ્કારને લીધે જો લઢીયે તો ઉલટો તે અમારી સામે આંખો કાઢી અમને ડરાવે છે. (૨)

જે હાથમાં આવે તે ચપળતા પૂર્વક લઈ લે છે અને સામે જવાબ આપવામાં પણ શરમ નથી રાખતો. જ્યારે અમે જૂઓ તમારે ત્યાં આવ્યા છીએ પણ સંકોચ કે લાજને કારણે સાડીના છેડાથી મુખ ઢાંકીને વાત કરીએ છીએ. (૩)

ગિરિધર લાલે ગોપીના આવા હાલ કરી પોતે તો બિંદાસ મનમાં મુસ્કાતા દોડી ગયા. કેમ કે ચુતર્ભુજદાસના પ્રભુ ગોપીના મનની સાચી વાત જાણે છે. (૪)

**વિશેષ ભાવાર્થ :**

યશોદા, તૂ તારા બાળકને નથી ઓળખતી તેમ લાગે છે. હવેથી તું પણ તારા પુત્રની વાત જ સાંભળજે. અથવા સાંભળવા લાયક તો શ્રીહરિના ગુણગાન જ છે. જેનો યશ સર્વત્ર છે તેવી મતિવાળા જે વેદજ્ઞાતા છે તેમની કહેણી પણ અમે હવે તો અવગણીએ છીએ, કેમ કે તેમ કરીને હરિગાન કરીએ (એકનિષ્ઠ થઈને) તોજ

માખણ-દધિ જેવું સારરૂપ સ્વરૂપાનંદ પામીએ. કૃષ્ણ જે રસરૂપ છે તે અમારા ઘરમાં રહેલ નિરસ અહંતા-મમતારૂપ ભાજન - ભાનમાંથી સારરૂપ માખણ કાઢી બધાંને (ભગવદીઓને) વાંટે છે. (ગોપી પ્રેમ કી ધ્વજા) અને તે પણ સ્વયં પોતાના હાથથી. આ જ તો પુષ્ટિ છે. અને જેને આ રસ મળે છે તે ખૂબ જ ઉત્કટતા પૂર્વક ગ્રહણ કરી લે છે. અને બીજા સર્વ ફળ કર્મ-જ્ઞાન-ઉપાસના વગેરે ન્યૂન જ છે તેવું કહેતાં સંકોચ નથી પામતા. પરંતુ હું 'ગોપીનો પ્રેમ શુદ્ધ છે' તેવા સૌભાગ્યમદ યુક્ત વચનો કહેતાં-સાંભળતા પણ સંકોચાઉં છું. તેથી તો હું વસ્ત્રના છેડાથી કે (જે ઉપવસ્ત્ર પર ઠાકોરજી કૃપા કરીને બિરાજ્યા હતા) તેના વડે જ અમારા સૌભાગ્યમદને ઢાંકી દઉં છું. કેમે કે - અમને તે પ્રસંગ આજે પણ યાદ છે કે જેઓએ ગિરિધારણ લીલા કરીને અમારો નિરોધ આપમાં સિદ્ધ કર્યો હતો. તેમને અમારા નાનાસા મદનું મર્દન કરવા જે લીલા કરી હતી તેનાથી અમારા શું હાલ થયા હતા? મનમાં હસતા હસતા પ્રભુ કેવા અંતર્ધાન થઈ ગયા હતા? પરંતુ અમે સમજી ગયા છીએ કે અમે તો દાસ જ છીએ, માહાત્મ્ય કે પ્રભુતા તો આપની છે. જો એમ દૃઢ થાય તો તો આપ સદા હૃદયમાં બિરાજેલા રહો!

**(૧૪૭) રાગ – બિલાવલ** **૩/૧૯૩**

**માનોં ચાકે બાબાકી હૈ કોઉ ચેરી**
**ઢીઠો દેત સંક નહિ માનત મારગ આવત ઘેરી** ૧
**કંચુકી ગહત ડરત નહિં મનમેં કહી અપનપો ટેરી**
**યામેં સબ સમુઝરી યશોદા ચિત્તવ દે ગત મેરી** ૨
**કબ લગ લાજ વાસકી કીજે કાન્હ ગુસાઇન તેરી**
**પરમાનંદ પ્રીતિ અંતરગત દરસન મિસ કર ફેરી** ૩

**ભાવાર્થ :**

ગોપી યશોદાજીને ફરિયાદ કરતાં છે. સીધી જ ઊંચા સૂરમાં વાત કહે છે - શું હું કંઈ તેના બાપની નોકર છું? ગુલામ છું? તેની દુષ્ટતા તો જૂઓ કે સ્હેજે શરમ નથી રાખતો અને મારગમાં જ મને ઘેરે છે! (૧)

મારી કંચુકીને પકડે છે અને તેને મનમાં પણ ડર નથી તેથી કહે છે કે - તારા કોઈ હોય તો બૂમ પાડને!

યશોદા, આટલામાં બધુ સમજી જા અને મારી વાત ચિત્તમાં લે. પુત્રપ્રેમમાં તું બધું અવગણે છે. (૨)



હવે ધમકી આપે છે કે - એક ગામમાં વાસ કરીએ છીએ તેથી તમારી શરમ ક્યાં સુધી રાખીએ? કાન્હ કદાચ મોટો હોય તો તારા ઘરમાં!

આટલી બધી ફરિયાદ કરી પણ કનૈયા માટે તેના હૃદયમાં પ્રીતિ ભરેલી છે તેથી તો ફરી પાછી કોઈને કોઈ મિસ કરીને આવાં કારણો શોધીને આવ્યા કરે છે.

**વિશેષ ભાવાર્થ :**

એ તો માનવું જ રહ્યું કે સર્વ કોઈ એમના દાસ છે. કેમ કે બધું એની ઈચ્છાથી જ થાય છે. (વિવેકસ્તુ હરિઃ સર્વ નિજેચ્છાતઃ કરિષ્યતિ) બધા જ સ્થળ-મારગને એ વ્યાપીને રહેલો છે. કોઈ પોતાની સ્વતંત્ર ઈચ્છા કરે તો પ્રભુ તેને ***મારગ આવત ઘેરી,*** દરેકના મારગનું વરણ પણ આપે જ કર્યું છે. સર્વ દેવોને પ્રભુનો ડર છે, પ્રભુને કોઈનો નથી માટે તો કહે છે જે તારો દેવ હોય તેને પૂકાર. જીવના સ્વરૂપને ઢાંકવારૂપ, આવરણરૂપ જે માયા છે તેને છોડાવી શકનાર એક પ્રભુ જ છે અન્ય કોઈની નથી શક્તિ કે નથી હિંમત.

યશ આપનારી જે કોઈ શક્તિ છે તે આપણી અંદર છે તેનાથી જીવ ખુશ થઈ જાય છે પણ જીવ પોતાની તે શક્તિને કહે છે - આ પ્રભુના સ્વરૂપને સમજ અને આજે મારી સ્થિતિ શું છે તે ધ્યાનમાં લે. જે યશ-કીર્તિ-ઘર-ધન વગેરે સાથે આપણે રહી રહ્યા છીએ તે વાસ શું તેમની શરમ રાખી, તેમાં લાગી રહેશું? હકીકત તો એ છે કે એકમાત્ર કનૈયો જ આપણો ગુસાંઈ સ્વામી છે.

જે કામનું છે તે તો હૃદયમાં રહેલ ભગવાન પ્રતિની પ્રીતિ છે. સંસારમાં જે ગતિ વિધિ (ફેરી) કરવાની છે તે માત્ર તે પ્રભુના દર્શન માટે જ કરવાની છે.

**(૧૪૮) રાગ – બિલાવલ** **૩/૧૯૩**

**લિયો મેરે હાથ તે છિડાઈ**
**તાવન કો લાવત હી માખન ડાર્યો હૈ કુંવર કન્હાઈ** ૧
**બુઝન લાગ્યો મો હી કો કૌન હૈ પાહુની કહા તેરો નામ**
**દેખીયત કહૂં ભલી માનસરી કહી દ્યોં તેરો ગામ** ૨
**દેખત રૂપ ઠગી સી ઠાડી મનમોહન રૂપનીકાઈ**
**પરમાનંદ દાસ કો ઠાકુર પ્રેમ ઠગોરી લાઈ** ૩

**ભાવાર્થ :**

ગોપી જાતે કરીને ઠગાઈ ગઈ છે જેથી આ ઠગાઈની વાત કંઈક ફરિયાદના સૂરમાં

પોતાની સખીને કરે છે કે -

તાવવા માટેનું માખણ લઈને હું આવતી હતી ત્યારે કનૈયાએ તે મારા હાથમાંથી છોડાવીને તેના હાથમાં સરકાવી દીધું કે મને ખબર જ ન પડી (૧)

કેમ કે તેણે મને વાતમાં નાખીને પૂછવા લાગ્યો કે તું કોણ છે? અરે પાહુની (અતિથિ) તારું નામ તો કહે! જોવામાં તો તું બહુ ભલી માણસ લાગે છે. તારા ગામનું નામ તોકહે! (૨)

તેની વાતમાં આવી જઈને અને તેના રૂપને જોતાં જ હું તો સ્થિર થઈ ગઈ કેમ કે તે રૂપ સર્વશ્રેષ્ઠ અને મનમોહક હતું. તેનાથી હું તો મોહી ગઈ તેના પ્રેમમાં જ ઠગાઈ ગઈ! (૩)

**વિશેષ ભાવાર્થ :**

મારો સમર્પણ ભક્તિવાળો સ્નેહ હું આપને સમર્પિત કરું તે પહેલાં તો આપે તે સ્વયં લઈ લીધો. તાપ-ક્લેશથી તવાઈને વિશુદ્ધ થાય તે પહેલાં જ!

મારા અધ્યાસો પણ ઉલટા ક્રમથી દૂર કર્યા. પૂછવા લાગ્યા મને કે તું કોણ છે? સ્વરૂપ વિસ્મૃતિ હતી તે સ્મૃતિમાં આણી કે હું તો આપની દાસ છું, જનમો જનમની. હું કંઈ સોચુ-સમજુ, વિચારું, બોલું તે પહેલાં તો બીજો સવાલ કર્યો-પાહુની કહા તેરો નામ? હું આ ભૂતલ પર અતિથિરૂપ જ છું મારું ધામ તો આપનું ચરણકમલ છે. અને મારું નામ તે તો આપ જે નામે બોલાવો તે... હવે મને ધ્યાનથી જોઈને પછી કહેવા લાગ્યા કે - તું તો (પુષ્ટિ દૈવી જીવ) ભલી માનસ લાગે છે અને પછી પૂછવા લાગ્યા તારું ગામ કયું? મારો નિવાસ તો આપના ચરણકમલ જ છે. આ બધા જવાબ હું મનમાં જ રાખી શકી બોલી શકી નહિ, આપને તેવી અપેક્ષા પણ નથી. કેમ કે આપે મને ભલી માનસ કહી દીધી હતીને!

ચરણને લાયક હતી પણ સ્વરૂપને લાયક આપે આપના મનમોહક સ્વરૂપથી બનાવી દીધી અને મારા દેહ, ઈન્દ્રીય-મન સર્વસ્વ જડવત બની ગયું કેમ કે મારા ચિત્ત સહિત સર્વ આપે આપના સ્વરૂપાનંદથી હરિ લીધું. કેમ કે આ ઠાકુર જે છે તે તો પરમાનંદરૂપ છે અને તેની દાસી પ્રેમઆનંદરૂપ છે જેથી ઠગાઈ ગઈ કેમ કે જ્ઞાન જેમાં બાધક છે તેવા જ્ઞાન રહિત થઈ, પણ સ્વસ્વરૂપજ્ઞાન અને પ્રભુસ્વરૂપજ્ઞાન થઈ ગયું કે જે ભક્તિમાં સાધક છે.



## (૧૪૯) રાગ – બિલાવલ 3/૧૯૩

ભાજ ગયો મેરો ભાજન ફોર
કહારી કહૂં સૂન માત યશોદા ઔર માખન ખાયો સબ ચોર ૧
લરકા પાંચ-સાત સંગ લીને રોકે રહત સાંકરી ખોર
મારગમેં કોઉ ચલ ન પાવત લેત હાથતેં દૂધ મરોર ૨
સમજ ન પરત યા ઢોટાકી રાત દિવસ રહે ગોરસ ઢંઢોર
આનંદે ફિરત ફાગસોં ખેલત તારી દેત હંસત મુખ મોર ૩
સુંદરશ્યામ રંગીલો ઢોટા સબ વ્રજ બાંધ્યો પ્રેમ કી ડોર
પરમાનંદ સયાની ગ્વાલિની લેત બલૈયા અંચર છોર ૪

**ભાવાર્થ :**

નાની જુવાન ગોપી માત યશોદાજીને ફરિયાદ કરે છે કે મારાં પાત્ર-વાસણ ફોડીને આપનો કનૈયો ભાગી ગયો. બીજું તો શું કહું કે બધું માખણ ચોરીને ખાઈ ગયો. (૧)

ચોરીથી અટક્યો નહિ, હવે તો લૂંટ ચલાવી છે તે સાંભળો - પાંચ-સાત તેના ગોઠીયાને સાથે રાખીને સાંકરી ખોરને રોકીને ઊભો રહે છે. તેથી તે રસ્તેથી કોઈ આવી શકતું નથી અને જે આવે તેનો હાથ મરડીને દૂધ પડાવી લે છે. (૨)

અમારુ તો કાંઈ મગજ જ નથી ચાલતું કે આ છોકરો રાતદિવસ શા માટે ગોરસને જ શોધતો ફરે છે? અને ફાગના દિવસોમાં આનંદની કીલકારી કરીને ફાગ ખેલે છે. તાલીઓ પાડે છે, ખડખડાટ હસે છે અને મોઢાથી લટકાં કરે છે. (૩)

પરંતુ એક વાત નક્કી છે (મનમાં કહે છે) આ છોકરો છે રંગીલો! અને આવી તોફાનમસ્તી કરવા છતાં તેણે પૂરા વ્રજવાસીઓને પ્રેમના તાંતણે બાંધી દીધા છે તેથી તો આ શાણી ગ્વાલિની પોતાની સાડીનો છેડો છોડી તેનાથી આ પરમાનંદ પ્રભુના ઓવારણા લે છે. ફરિયાદ કરવા આવી છે તે વાત જ વિસરી ગઈ! (૪)

**વિશેષ ભાવાર્થ :**

હે યશોદા, (જેને યશની પણ પડી નથી, યશ તો તે બીજાને આપે છે તેવી) તેવી તું હોવાથી જ નિસ્પૃહ હોવાથી આ રસાત્મક વાત તને કહું છું - મારાં લૌકિકતારૂપ માટીનાં પાત્ર તેણે ફોડી નાખ્યા અને ભાગી ગયો, મને દર્શન પણ ન આપ્યા. કદાચ મારી પાસે સાધન કરાવવા ચાહતો હોય. પણ એકવાત નક્કી છે કે તેણે મારા હૃદયના શુદ્ધ સ્નેહના સમર્પણનો સ્વીકાર કર્યો છે. બલકે સામે ચડીને મારું

સમર્પણ લઈ લીધું છે. (માખન ખાયો સબ ચોર) પણ મને તો આ વાતની ખબર જ ન પડી (ચોર) તેણે આ પુષ્ટિભક્તિના સાંકડા માર્ગમાં પોતાના પાંચ-સાત ગોઠીયાને સાથે રાખ્યા છે (વિવેક-ધૈર્ય-આશ્રય-સેવા-કથા-ભગવદીય-સદ્‌ગુરૂ) જેથી પુષ્ટિ દૈવીજીવ છટકી જ ન શકે. જે આ મારગના વરણ વાળા નથી તેવા જે કોઈ છે તે તો ચાલી જ ન શકે તેથી આ માર્ગે આવે જ નહીં, પાછા વળી જઈ બીજા માર્ગથી જાય. આ મારગમાં તો ઠાકોરજી સ્વયં બિરાજી આપણી મમતા રૂપ દૂધને હાથ-મરડીને (લોક-વેદનો નાશ કરાવી) લઈ લે છે, છોડાવી દે છે. અને પુષ્ટિપ્રભુ તો સર્વદા ભક્તમાં રહેલ ભાવને જ ઢંઢોરીને જગાડે છે. એકવાર તે ભાવ જાગી ગયો પછી તો સખ્યભાવ આપી દેતાં પણ આપ વિચાર નથી કરતા. જેમ ફાગ માં આનંદની રેલમ છેલ હોય છે તેમ આપણી સાથે ખેલે છે, તારી આપીને પોતાની ખુશી ભક્ત સાથે વાંટે છે (તારી ટેંટીનું શાક બહું ભાવ્યુ વ.) હંસી-મજાક પણ કરી લે છે. (ચત્રભૂજદાસને કહે છે - રહેવાયું નહિં તે લગન કરી લીધું ? આવો જે એકમાત્ર સૌંદર્યનો ભંડાર છે તેવા શ્યામ પ્રભુ લોકવત્ (ઢોટા) થઈને પૂરા વ્રજને પ્રેમની દોરથી બાંધી દે છે. વ્રજ એ કે જે પ્રભુની સાથે સાથે ચાલે છે, ગતિ કરે છે અથવા જેમની ગતિ પ્રભુપ્રતિ છે તેવાઓ.

આનંદ જેને પ્રાપ્ત થયો છે અને પરમાનંદ પ્રાપ્ત થવાનો છે તેવી ગ્વાલિની (ઈન્દ્રિયધારી જીવ). પોતાની અહંતા જેને ત્યજી દીધી છે તેવીએ (સયાની) પ્રભુ સાક્ષાત્ મન્મથ મન્મથ પ્રકટ થયા ત્યારે ઓવારણા લઈ આપને બિરાજાવવા માટે ઉપવસ્ત્રનો છેડો છોડી રહી છે.

### (૧૫૦) રાગ – બિલાવલ 3/૧૯૩

લોગન કીતહૂ ઝૂઝત બોરી
દધીમાખન ગઠબંધન દે રાખત કરત ફિરત સૂત ચોરી ૧
જાકે ઘરકી હાની હોત નીત સો નહિ આન કહેરી
જાતપાતિ કે લોગન દેખત બહુ નહિ બાત બનેરી ૨
ઘર ઘર કાન્હ ખાઈબે ડોલત અતી કૃપન તૂ હે રી
**સૂરશ્યામ**કો જબ જો ભાવે સોઈ તલ તૂ દેરી ૩

**ભાવાર્થ :**

લોકોની અકળામણ ક્યાં સુધી અટકાવીએ ? કેમ કે હે યશોદા, તૂ દહિ-માખનને તાળુ મારીને રાખે છે માટે તો તારો પુત્ર ચોરી કરતો ફરે છે ! (૧)



જેના ઘરમાં રોજ રોજ આવું નુકશાન તે કરે છે તે તને આવીને કહેતા નથી. પરંતુ જો, નાત-જાતના લોકોને આ વાત ખબર પડતાં વાર નહિ લાગે. (૨)

અરે, તું એવી તે કેવી કંજૂસ છે કે આ કનૈયો ખાવા માટે ઘરે ઘરે ભટકે છે ? સૂરશ્યામને જ્યારે જે કંઈ ખાવાની ઈચ્છા થાય, ત્યારે તે વસ્તુ તું આપને ! અથવા શ્યામને જે ભાવે છે તે તું તલ જેટલું સ્હેજ જ આપે છે ! (૩)

**વિશેષ ભાવાર્થ :**

લોકોની અકળામણ ક્યાં સુધી રોકી રહે ? ભક્તિરસમાર્ગને અભડાવવામાં કંઈ બાકી રહ્યું છે ?

દધિ-માખન જેવા પ્રેમભાવને તો ઘાંસડીમાં પૂર્યા છે અને (યશ-લાભના ધજાગરા કર્યા છે) પછી તારો પુત્ર, તારો ઠાકુર તારા સ્નેહનો સ્વાદ શા માટે લે ? તે તો પ્રેમભૂખ્યો છે તેથી બીજાને ઘરે જઈ પ્રેમ ચાખે છે. તે પ્રેમ કથાથી તુ અસ્પર્શ રહે માટે તો તારાથી છૂપાવે છે. જે પ્રેમી ભક્તને ઘરે લૌકિકતાની હાની થાય છે, તે પ્રેમી કહી બતાવે નહિ, કેમ કે તે તો તેથી ખુશ છે પણ તું તો તારી લૌકિક હાની થાય તો અકળાઈ ઉઠે છે.

હવે તો આ ભક્તિમાર્ગથી વિરુદ્ધ આચરણ, પુષ્ટિમાર્ગી તથા બીજા મર્યાદા ભક્તિમાર્ગી, બધાં જુએ છે. તેથી આ તારી દુષ્કૃતિ બહુ નહિ ચાલે. પ્રભુને આનંદ (ડોલત) તો ગૃહસેવામાંજ છે (ઘર-ઘર / પ્રત્યેક ઘરમાં) હક્કિતમાં ત્યાં જ તે સેવા સ્વીકારે છે (ખાઈ લે). જ્યારે તૂ તો ખૂબ જ કંજૂસ છે, પ્રભુ પ્રતિના પ્રેમભાવમાં હજુય સમય છે, સમજી જા...

પ્રભુને જ્યારે જે કંઈ ભાવે ત્યારે તે તૂ દે. એટલે કે પ્રભુને ક્યારે શું મન થાય તે કેમ ખબર પડે ? માટે દરેક પળે તેની સેવા માટે તત્પર રહે અને 'તુ દે' એટલે કે તારાથી પ્રાપ્ય (વિત્તજા) દે. તું જ આપ (તનુજા). આમ તત્પરતા પૂર્વક સદા સેવામાં રહી તનું-વિત્તજા કર.

### (૧૫૧) રાગ – ધનાશ્રી 3/૧૯૪

ભલી યહ ખેલવેકી બાન
મદનગોપાલ લાલ કાહૂકી રાખત નાહિન કાન ૧
સૂનો હો યશોદા કરતબ સૂત કે યહ લે માટ-મથાન
તોર ફોર દધિ ડાર અજરમેં કૌન સહે નિત હાન ૨

અપને હાથ દેત બનચરકૂં દૂધ-ભાત-ઘૃત સાન
જ્યોં બરજો તો આન દિખાવે પર ઘર કૂદ નિદાન 3
ઠાડી હંસત નંદજૂકી રાની મુંદ કમલ મુખ બાની
**પરમાનંદદાસ યહ જાને બોલ બૂઝ ઘોં આની** ૪

**ભાવાર્થ :**

ગોપી યશોદાજીને ત્યાં ફરિયાદ કરવા આવી છે ત્યારે કટાક્ષમાં કહે છે કે આ આપના પુત્રની ખેલવાની બહુ સુંદર રીત છે ! તેથી તો આ મદનગોપાલ - લાલ કોઈનીય શેહ-શરમ નથી રાખતા. (૧)

હવે યશોદા તમારા પુત્રના કરતૂત સાંભળો - તેણે મથણીના માટલાં તોડીફોડીને દહિંને આંગણામાં ઢોળી દીધું. આવી રોજની હાની-નુકશાન કોણ સહન કરે? (૨)

વધારામાં પોતાના જ હાથે દૂધ-ભાત-ઘી- વગેરે ભેગાં કરીને વનચર-વાંદરાને આપ્યા.

ગોપીને ખબર છે કે નંદરાની તેની વાત ધ્યાનમાં નથી લેવાના. તેથી કહે છે કે જો તેને ખિજાવાના હોવ તો, તમે આવો અને જૂઓ કે પરઘરમાં તે કેવા કૂદકા લગાવે છે, તેના નિશાન હજુ ત્યાં છે. (૩)

તો પણ યશોદાજી તો ઊભા ઊભા આંખો બંધ કરી, મોઢું બંધ કરી હસવા લાગ્યા કેમ કે તે જાણે છે કે આ તેના વચન તો કહેવા પૂરતાં જ છે. એટલે કે હકિકતમાં તો તે કાનને નિરખવાને બ્હાણે જ આવી છે. (૪)

## (૧૫૨) રાગ – ધનાશ્રી 3/૧૯૪

ભૂલી ઉંહરાને કો દૈવો
પરિગએ દ્રષ્ટિ શ્યામઘન સુંદર ચકત ભઈ ચિતૈવો ૧
ચિત્રલીખીસી ઠાડી ગ્વાલીની કા સમઝે સમઝૈવો
**ચતુર્ભુજપ્રભુ ગિરિધર મુખ નિરખત કઠીન ભયો ઘર જૈવો** ૨

**ભાવાર્થ :**

ગોપી કનૈયાની ફરિયાદ લઈને યશોદાજીના ભવનમાં તો આવી પણ તે ઠપકો આપવાની વાત જ ભૂલી ગઈ, કેમ કે ત્યાં બિરાજેલા શ્યામઘન સુંદર ઉપર તેની દ્રષ્ટિ પડતાં જ તેનું ચિત્ત ચકાવે ચઢી ગયું. (૧)



તેથી તો તે જેમ ચિત્રમાં દોરેલ સ્થિર હોય તેવી જડ જેવી ઊભી રહી ગઈ. સ્થિતિ એવી થઈ ગઈ કે ન તેની પોતાની સમઝ રહી કે ન તે કોઈને સમજાવે તેવી રહી. ચતુર્ભુજદાસના પ્રભુ ગિરધારીનું મુખ નિરખતાં હવે તો ચિતની પરિસ્થિતિ એવી થઈ કે પાછું જવાનું કઠીન થઈ ગયું. (૨)

## (૧૫૩) રાગ – આસાવરી 3/૧૯૪

**યશોદા વરજત કાહે ન માઈ**
**ભોજનભાન સબ દધિ ખાયો બાતેં કહી ન જાઈ** ૧
**હોં જુ ગઈ હી ખિરક આપને જૈસે આંગનમેં આઈ**
**દૂધ દહી કો કીચ મચ્યો હૈ દૂર તે દેખ્યો કન્હાઈ** ૨
**તબ અપને કરસોં ગહે તુમહી પે લે આઈ**
**પરમાનંદ ભાગ્ય ગોપીકો પ્રકટ પ્રેમ ફલ પાઈ** 3

**ભાવાર્થ :**

ગોપી કનૈયાને રંગે હાથ પકડીને લઈ આવી છે અને ફરિયાદ કરે છે છતાં યશોદા ચૂપ છે તેથી ગોપી કહે છે. હે યશોદા મા, તું આને ખિજાતી કેમ નથી? તેના કરતૂત સાંભળ - વાસણ-કૂસણમાં રાખેલ બધું જ દહિ ખાઈ ગયો છે. વાત આટલેથી પૂરી નથી થતી. (૧)

હું તો મારી ખિરકમાં ગઈ હતી ત્યાંથી જેવી આંગણમાં આવી, ત્યારે જોઉં છું તો દૂધ-દહીંનો કીચ્ચડ થઈ ગયો છે અને મેં દૂરથી તારા કનૈયાને પણ જોયો. (૨)

એટલે હું સમજી ગઈ તેથી દોડીને મારી જાતે તેને પકડીને તારી પાસે લાવી છું.

પરમાનંદ દાસજી કહે છે ગોપીના પરમ ભાગ્ય છે કે પ્રકટ પ્રેમ સ્વરૂપ જે ફળ છે તે ગોપીના હાથમાં છે. (૩)

**વિશેષ ભાવાર્થ :**

ભક્ત કે જે સંસારાસક્ત છે છતાં ફ્લોન્મુખ પણ છે તેને કોઈ ભગવદીયની કૃપા મળી જાય તો કામ થઈ જાય. આવું જેનું કામ બની ગયું છે તેવો ભક્ત (ગોપી) પરમ ભગવદીયને કહે છે (યશોદાજીને/મહાપ્રભુને) કે તમે મને વઢતા કેમ નથી કે જ્યારે હું સંસાર (ખીરક)માં જાઉં છું ત્યારે? ખિરકમાં ગાયો છે તેના દૂધ-દહીંથી તો ઘરસંસાર ચાલે છે. પરંતુ મારાં તો પરમ ભાગ્ય છે કે આપ જેવા ભગવદીયની કૃપાથી મારાં પ્રભુએ કૃપા કરી મારી અહંતા-મમતાને પોતાની

બનાવી તે સ્વીકારી લીધી છે, ખાધી છે. મારા આ ભાગ્યની વાત, કહી ન શકાય તેટલી આશ્ચર્યકારક છે. (બાતે કહી ન જાઈ) હું તો મારા સંસારમાં ગૂંથાઈ હતી પણ જેવી તેમાંથી થોડીક પણ બહાર નીકળી તો તો મારા પર કૃપાનો એટલો બધો વરસાદ વરસ્યો કે (દૂધ-દહીં) પ્રેમનો કીચ મચી ગયો. પ્રભુ જાણે મારી સંસારમાંથી સ્હેજ બહાર આવવાની વાટ જોતા હતા. (તેથી ઉલટું પરીક્ષિતની થોડીસી અશુદ્ધિની રાહ જોઈને બેઠેલો કલીયુગ તેનામાં પ્રવેશ્યો) અને પ્રભુએ જ આ કૃપા કરી છે તે દર્શાવવા દૂરથી દર્શન આપ્યાં. હું ખૂબ જ ઉત્સાહ પૂર્વ દોડી અને તેમને મારા હસ્તમાં પકડી લીધા. હવે આપની પાસે (મહાપ્રભુ પાસે) લાવી છું કે મને બ્રહ્મસંબંધથી આમની સાથે જોડી દો કે જેથી મારાથી ક્યારેય ભિન્ન ન થાય તેવી કૃપા કરો. આ એક એવું પ્રમેય (ભાગ્ય) છે (ગોપીનું) નિઃસાધનજીવનું કે એમ જ ફલરૂપ કૃષ્ણ હાથે લાગી ગયા!

## (૧૫૪) રાગ – બિલાવલ 3/૧૯૪

તેરી સોં સુન સુનરી મૈયા
યાકે ચરિત્ર તૂ નહિ જાનત બોલ બૂઝ સંકરષન ભૈયા ૧
વ્યાપી ગાય બછુરવા ચાટત હોં પીવત પ્રાતખન ઘૈયા
યાહી દેખ ધોરી બિછુકાની મારનકોં દૌરી મોહી ગૈયા ૨
દ્વૈસિંગન કે બિચ પર્યો મૈં તહાં રખવારો કોઉ ન સહૈયા
તેરોપુન્ય સહાય ભયો હૈ અબ ઉબર્યો બાબા નંદ દુહૈયા ૩
યહ જો ઉખટ પરી હી મોં પૈ, ભાજ ચલી કહી દૈયા દૈયા
પરમાનંદસ્વામી કી જનની ઉર લગાય હંસ લેત બલૈયા ૪

**ભાવાર્થ :**

ગોપી કનૈયાની ફરિયાદ કરી રહી, યશોદાજીને. ત્યારબાદ ત્યાં બેઠેલ કનૈયો તે ગોપીની હાજરીમાં જ ગોપીની ફરિયાદ કરતાં પહેલાં સવારે બનેલો બનાવ કહે છે.

હે મૈયા તારી સોગંધ, મારી વાત તું સાંભળ સાચી કહું છું. આ જે મારી ફરિયાદ કરવા આવી છે તેના ચરિત્ર તું નથી જાણતી. પણ તું સંકરષન ભૈયાને બોલાવીને પૂછીને ખાત્રી કરી લે. (૧)



બન્યુ એવું કે આજે સવારે આપણી ધોરી ગાય, વીઆઈ હતી અને તે પોતાના વાછરડાને ચાટતી ત્યાં ઊભી હતી. ત્યારે હું તો રોજની જેમ ખીરકમાં ઘૈયાં (પીતો) હતો. આ જોઈને ધોરી ગાય ભડકી અને મને મારવા દોડી. (૨)

ગાયે મને તેના બે શીંગડાની વચ્ચે નાખી દીધો ત્યારે મારી રક્ષા કરનારું કે મને સહાય કરનારું પણ કોઈ ન્હોતું. તે વખતે જે હું બચ્યો તેમાં તો તારું પુણ્ય જ મને કામમાં આવ્યું અને બીજી બાબાનંદજીની દુહાઈ કામમાં આવી. (૩)

પણ મારી સામે આ જે મારા માટે ઉખડી પડીને બોલે છે, તે ત્યાં હાજર હતી, તેને આ બધું જોયું છતાં મને બચાવવાને બદલે 'દૈયા દૈયા' કહીને ભાગી નીકળી. પરમાનંદસ્વામીની જનની એ આ વાત સાંભળીને કનૈયાને છાતી સરસો ચાંપીને તેના ઓવારણા લીધા અને આ બધી બનાવટી વાતોની મજા લઈને હસી પડી. (૪)

**વિશેષ ભાવાર્થ :**

પ્રભુ - કનૈયો શ્રીમહાપ્રભુને (મૈયાને) ફરિયાદ કરે છે આ જે નામધારી - બંડી તીલક ધારી - જય શ્રીકૃષ્ણ, જય શ્રીકૃષ્ણ વગેરે વૈષ્ણવી ભાષા બોલતો, વૈષ્ણવના નામે આવ્યો છે તેના ચરિત્ર તમને ખબર નથી. જો તમારે ખાત્રી કરવી હોય તો આપના પ્રમાણ - ગ્રંથ ઉપદેશાત્મક ગ્રંથ ખોલીને તેમાં બતાવેલા ઉપદેશોથી પૂછો કે તે સિદ્ધાંત મુક્તાવલી પ્રમાણે તનુ-વિત્તજા કરે છે? સિદ્ધાંત રહસ્ય પ્રમાણે સેવા કરે છે? નિરોધ લીલા પ્રમાણે ગુણગાન કરે છે? વગેરે.

હું તો પ્રેમનો ભૂખ્યો છું. જેથી (વિઆયેલ ગાય પોતાના વાછરડાને ચાટતી હતી તે જોવા ગયો હતો) એટલે કે મારાં ગુણગાન જ્યાં ગવાય છે તેવા સત્સંગમાં ગયો હતો, હું હંમેશા જાઉં છું અને ત્યાં હું ભક્તોના (તાજા ધૈયા સમાન) પ્રેમને પીઉં છું. ત્યાં આ ઈર્ષ્યાના ભાવરૂપ 'નામધારી' પ્રેમમંડલીમાં બેઠો હતો. તે તો ત્યાં પણ ધન-યશ રૂપ બે શીંગડા ઉલાળતો શ્રોતા વૈષ્ણવોના ભાવ (તે ભાવ પણ હું જ) ને ડીસ્ટર્બ કરતો હતો. પણ તે એવો મોટો માણસ હતો કે તેનાથી બચવું મુશ્કેલ હતું. પરંતુ છતાંય (નંદબાબાની દુહાઈ અને તારા પુણ્ય) નિષ્ઠા અને દ્રઢતા હોવાથી તેમનાં ભાવની (મારી) રક્ષા થઈ ગઈ અને આ જે જય શ્રીકૃષ્ણ કહેતો લરી લરીને લટકાં કરી રહ્યો છે તે તો ભગવદ્ મંડલીથી તોબા તોબા કરતો આશ્રયનું પદ ગવાય તે પહેલાં જ ઉઠીને ચાલતો થયો.

પ્રભુની સ્વકીય જનોની ચિંતા એ કંઈ નવી વાત નથી તેમ આચાર્યજી પ્રભુને કહે છે, નિત્યલીલામાંથી હું ભૂતલ પર પધાર્યો તે યાદ કરીને! તેથી પ્રભુનો પ્રેમ જાણી પ્રભુને હૃદયે લગાવી દીધા.

## (૧૫૫) રાગ – બિલાવલ 3/૧૯૪

તેરે ભવન ભાવન ગોરી કબરી કરન ગયો માખન ચોરી
જાને કહા કટાક્ષ તીહારે કમલનયન મેરો તનકસૌ રી ૧
દે દે દગા બુલાય ભવનમેં ભેટત ભૂજ ભર ઉરજ કઠોરી
ઉરનષ દિખાવત ડોલત કાન્હ ચતુર ભયો તૂ અતી ભોરી ૨
નિત ઉઠ આય ઉરાહને મિસ, ચાહ રહત નિત ચંદ-ચકોરી
સૂર સ્નેહ શ્યામ ન અટક્યો નયન પ્રીતિ જાત નહિ તોરી ૩

**ભાવાર્થ :**

ગોપીની ફરિયાદ સાંભળીને યશોદાજી વળતો જવાબ આપે છે હે ભામિની ગોરી, તે તો કહે કે મારો કનૈયો તારા ભવનમાં ક્યારે માખન ચોરી કરવા ગયો ? એ વળી તારાં કામ-કટાક્ષને શું સમજે ? આ મારી આંખનો તારો કે આ કમલસમાન નયનવાળો તો તણખલા સમાન નાનકડો છે. (૧)

હકિકતમાં તો તું જ દગો કરીને તેને તારા ભવનમાં બોલાવે છે અને હે કઠોર ઉરજવાળી તું જ તેને ભૂજ ભરીને ભેટે છે. અને પછી તારા વક્ષસ્થળમાં પડેલ નખના નિશાન દેખાડતી ફરે છે. વાહ! મારો કાન્હ આવું બધું તેની ચતુરાઈને લીધે કરે છે અને તું તો બડી ભોળી છે! (૨)

સાચી વાત તો હું સમજું છું કે આમ ઝગડાના મીસે તું રોજ ઉઠીને મારે ત્યાં આવે છે કેમ કે તું જ મારા લાલનું મુખ જોયા વગર રહી શકતી નથી. ચંદ્ર અને ચકોરની જેમ તારા સ્નેહ ને લીધે તારા મનમાં શ્યામ અટકી ગયો છે. તે વાત તો તારી આંખમાં જ દેખાય છે, તારી પ્રીતિની વાતની ચાડી તારાં નયનાં જ ખાય છે!

આમ ગોપીની ચોરી યશોદાજી પકડી પાડે છે. (૩)

## (૧૫૬) રાગ – સારંગ 3/૧૯૫

જૂઠે હી દોષ ગોપાલ લગાવત
જહી જહી ખેલે મેરો મોહન તહીં તહીં ઉઠ ધાવત ૧
કબ તેરો દધિમાખન ખાયો એસેં હી આવત હાથ નચાવત
પરમાનંદ મદનમોહનકો વ્રજકી લીલા ભાવત ૨



**ભાવાર્થ :**

યશોદાજી ઠપકો આપવા આવેલી ગોપીને સામેથી ઉધડો લે છે. તું મારા ગોપાલને ખોટા ખોટા દોષ લગાવીને બદનામ કરે છે. તે તારા ત્યાં નથી આવતો પણ જ્યાં જ્યાં તે ખેલે છે તેની મોહની તને છે તેથી તો ઉઠી ઉઠીને તું તેની પાછળ પાછળ જાય છે. (૧)

તું એ તો બતાવ કે ક્યારે તારું દધિ-માખન એને ખાધું ? છે કંઈ જવાબ ? બસ એમ જ હાથ નચાવતી ધાંધલ મચાવતી ચાલી આવે છે ?

પરમાનંદદાસ આ લીલાના દર્શન કરતાં કહે છે કે આ મદનમોહનને વ્રજની સર્વ લીલામાં આનંદ આવે છે. (૨)

**વિશેષ ભાવાર્થ :**

બસ જીવને તો ટેવ જ પડી ગઈ છે કે જે તમારી ઈન્દ્રિયોને પોષણ કરી રહ્યા છે, જે આ સમસ્ત પૃથ્વી (ગો)નું પાલન કરી રહ્યા છે તેમની ઉપર જ દોષારોપણ કરવું છે. ભાગ્યને દોષ આપે છે.

પ્રભુ તો બધે જ ખેલે છે. એક સાથે અનેક સ્થળે વિવિધ વિચિત્ર લીલા કરી રહ્યા છે. તેને કંઈ તમારી ગરજ નથી પણ જીવે પ્રભુની સમક્ષ દાસ ભાવે જવું જોઈએ. જીવને એમ લાગે છે, મારી સંપત્તિથી હું પ્રભુની સેવા કરી રહ્યો છું. અને આ 'હું કરી રહ્યો છું', 'મારી સંપત્તિ' વગેરે શબ્દો ઉપર ભાર મૂકી પોતાના બન્ને હાથથી જગત સમક્ષ (અહંતા-મમતા રૂપ હાથથી) પ્રકટ કરે છે. પરંતુ પ્રભુની માલિકીનું જ સર્વ કંઈ છે પછી તારું દધિ-માખન થયું ક્યાંથી અને તેં જ ખવડાવ્યું ક્યાંથી? તું પણ ક્યાં સ્વતંત્ર છે ? તું પણ તેમનો જ અંશ છે. પણ દાસ તરીકેની તારી ભૂમિકા છે તે કેમ ભૂલે છે ?

આ પ્રભુ તો પરમ આનંદ સ્વરૂપ છે તેને તું ખવડાવીને શું આનંદ આપવાનો હતો ? પરંતુ તે તો પોતાના અંશ પર પ્રેમ પ્રકટાવીને જીવને મોહી રહ્યો છે. પ્રભુને આ લીલા કરવી ગમે છે અને આ લીલા ચાલતી રહે તેમ ઈચ્છે છે. પોતાની રમણેચ્છા માટે તે આ કરી રહ્યા છે.

## (૧૫૭) રાગ – ધનાશ્રી 3/૧૯૫

યશોદા ચંચલ તેરો પૂત
આનંદ્યો વ્રજ વીથન ડોલત કરે અટપટે સૂત ૧
દહ્યો દૂધ લે ધૃત આગેં કર જહાંતહાં ધર્યો દૂરાય

અંધિયારે ઘરકો ઉન જાને તહાં પહીલે હી જાય ૨
ગોરસ કે સબ ભાજન ફોરે માખન ખાય ચુરાય
લરકનકે કર કાન મરોરત તહાં તે ચલે રૂવાય ૩
બાંટ દેત વન ચરન કૌતુક કરત વિનોદ વિચાર
પરમાનંદપ્રભુ ગોપીવલ્લભ ભાવેં મદન મુરાર ૪

**ભાવાર્થ :**

ગોપી ફરિયાદ કરે છે કે યશોદા, આ તારો પુત્ર ખૂબ જ ચંચલ મનવાળો છે. આ નંદનો લાલ વ્રજની ગલીકુંચીમાં ફરતો રહે છે અને અટપટા-ઉલટાસુલટા કામ કરે છે. (૧)

લે ગણાવું - અમે દૂધ, દહીં, ઘી જ્યાં ત્યાં છૂપાવીને રાખીએ છીએ તો પણ તે તેમને શોધી કાઢે છે. અને જે ઘર દૂર હોય કે ઊંડે હોય કે જે ઘરમાં અંધારું હોય તેની તેણે જાણ હોય છે અને ત્યાં જ સૌ પહેલાં જાય છે અથવા ઘરના અંધારા ખૂણામાં સૌ પહેલો ત્રાટકે છે. (૨)

ગોરસ (દૂધ-દહીં-ઘી)ના વાસણ ફોડી નાખે છે અને ચોરી કરીને માખણ ખાય છે. અમારું બાળક ઘરમાં હોય તો તેના હાથ-કાન એટલા મરડે કે તે રડે અને આમ રડાવીને જ જાય. (૩)

વાંદરાને આ બધું વાંટી દે આવા ભાતભાતના નાટક કરી મજાક-મશ્કરી કરતા જાય છે. પરમાનંદદાસ કહે છે આ પ્રભુ, છતાં પણ ગોપીઓને પ્રિય છે અને આવા મદનમુરાર તેમને ગમે છે. (૪)

## (૧૫૮) રાગ – ધનાશ્રી 3/૧૯૫

યશોદા કહાં લોં કીજે કાન
દિન પ્રતિ કૈસેં સહી પરત હૈ દૂધ દહીંકી હાન ૧
અપને યા બાલકકી કરની જો તુમ દેખો આન
ગોરસ ખવાય જગાય લરીકનકોં ભાજન ભાજત ભાન ૨
મૈં અપને મંદિર કે કોંરે રાખો માખન છાન
સોઈ જાય તુમ્હારે ઢોટા વહી લીયો પહચાન ૩
બુઝે કહત બાલન જો મહિયા આયે સંકા માન
સુરદાસ પ્રભુ ઔરન આવેં ચેટી કાઢત પાન ૪



**ભાવાર્થ :**

ગોપી થાકી-કંટાળીને ફરિયાદના સૂરમાં કહે છે - યશોદા, ક્યાં સુધી તમારી આંખની શરમ રાખીએ? રોજે રોજનું આ દૂધ-દહીંનું નુકશાન અમને કેવી રીતે પરવડે? (૧)

તમે પોતે જ આવીને આ તમારા બાલકના કર્મ જુઓ. એક તો ગોરસ ખવડાવી દે છે, મારા સૂતેલા બાળકને જગાડી દે છે. મારાં વાસણ-કૂસણ ફોડી નાખે છે. (૨)

વધારામાં મેં મારા ઘરમાં દૂર ખૂણે માખણ કાઢીને મૂકી રાખ્યું હોય છે તેને જ બરાબર જોઈ ઓળખીને લઈ લે છે. (૩)

પૂછીએ તો કહે છે કે, જે બાળકો અંદર આવે છે તેના પર જ તું શંકા કરે છે? સુરદાસના પ્રભુ વળી કહે છે - બીજું કોઈ તો આવતું નથી જે આવે છે તે તો તારા દૂધમાંથી કીડીઓ કાઢવા માટે જ આવે અથવા કહે છે - બીજા કોઈક આવતા હશે અમે તો દૂધમાંથી ચેંટી કાઢી આપી પીવાલાયક બનાવીએ છીએ. (૪)

## (૧૫૯) રાગ – ધનાશ્રી 3/૧૯૫

કાહે ન બરજત હો નંદરાની
એકગામ વસે વાસ કહાં લો કરે હે નંદજુકી કાની ૧
વચન વિચિત્ર કમલદલ લોચન કહત સરસ બાની
અચરજ મહરિ તિહારે આગે અબ હી જીભ તુતરાની ૨
ના જાનો કહાં ધોં સીખે મોહનન મંત્ર સયાની
કોટી કામ રૂપ, ધરત હૈ, બાલક લીલા ઠાની ૩
કહાં તૂ રી ગ્વાલ તેરોં મોહન યહ વિપરીત ન જાની
બ્રહ્મદાસ ઉરહાને મિસ નાગરી મોહન તન મુસકાની ૪

**ભાવાર્થ :**

હે નંદરાની તું આ તારા પુત્રને કેમ ખિજાતી નથી? આપણે એક જ ગામમાં અને એક જ મોહોલ્લામાં સાથે રહીએ છીએ તેથી નંદરાયની કાની રાખીએ છીએ પણ તે ક્યાં સુધી રાખીએ? (૧)

તેનું બોલવાનું વિચિત્ર છે, આંખો તો કમલદલ જેવી મોટી રતુમડી સુંદર છે અને વાતો તો બહુ સારી કરે છે પણ નવાઈની વાત એ છે કે તારી સમક્ષ જ એની જીભ તોતડાઈ જાય છે. (૨)

ન જાણે આ બધું તે ક્યાંથી શીખ્યો ? કે જેનાથી બધાં મોહી જાય છે ? અનેક પ્રકારના કામ અને રૂપને એ ધારણ કરી લે છે અને પાછી બાળક જેવી લીલા કરે છે. (૩)

નવાઈ એ પણ છે કે ક્યાં ભોળી તું યશોદા અને ક્યાં આ તારો મોહન -મોહી લેતો ગ્વાલ બાળક ? આ વિપરીતતા કાંઈ સમજ નથી પડતી. ગોપી ઝગડો કરવાને મિસે આવી હતી અને મોહન પ્રતિ પ્રેમથી આશ્ચર્ય પામતી મુસકાતી પાછી ફરી. (૪)

**(૧૬૦) રાગ – ધનાશ્રી** 3/૧૯૫

ઐસે લરીકનકો આદેશ દીજે
ભયે દરશન દેખીયે, પાય માંગ કછૂ લીજે ૧
અબ હી હરિ ઢંઢોર માંટ સબ યા ક્ષણ મૌન ધર બૈઠે
હૌં પચિહારી કહ્યો નહિ માનત બીનતી કરત જાત હૈ ઐઠે ૨
સૂનોં હો યશોદા કરતબ યા સુતકે ચોરી કર સાધ કહાયે
યદ્યપિ યહ ગુણ કમલનયનકે પરમાનંદ જિયેમેં ભાયે ૩

**ભાવાર્થ :**

ગોપી યશોદાજીને આવી છે ફરિયાદ કરવા પણ કટાક્ષની ભાષામાં વાત કરે છે - આવા છોકરાને કંઈક શિખામણ-હૂકમ તો કરો કે છૂપાઈને ન આવે પણ અમારી નજર સમક્ષ ઘરમાં આવે અને અમને વિનંતી કરીને કંઈક માંગે. (૧)

આ તમારી પાસે જે મૌન ધરીને બિરાજે છે તે હમણાં જ વાનરની જેમ બધા માંટ વગેરે ઢંઢોરીને આવ્યો છે. હું બૂમ મારુ છું તો માનતો નથી અને વિનતી કરું છું તો તે ધમંડ કરે છે. (૨)

યશોદા, તમારા પુત્રના કરતૂત તો જુઓ એક તો ચોરી કરે છે અને પોતાને સાધુ કહેવડાવે છે ! જો કે આ કમલ જેવા નેત્રવાળાના આવા ગુણ છે પણ અમારા પ્રાણને તે ખૂબ વ્હાલો લાગે છે. (૩)

**(૧૬૧) રાગ – સારંગ** 3/૧૯૬

મેરો હરિ ગંગાકો સો પાન્યો
પાંચ વરસ કો શુદ્ધ સાંવરો તે ક્યોં વિષયી જાન્યો ૧



નિત્ય ઉઠ આવત હાથ નચાવત કોન સહે નીક બાન્યો
ચૂડી ફોરત બાહ મરોરત માંટ દહીં કો ભાન્યો ૨
ઠાડી હસત નંદજૂકી રાની ગ્વાલીન બચન ન માન્યો
પરમાનંદ મુસકાય ચલી જબ દેખ્યો નંદ ઘરાન્યો ૩

**ભાવાર્થ :**

યશોદા, ગોપીને વળતો જવાબ આપે છે - મારો હરિ (લાલ) તો ગંગાના પાણી જેવો પવિત્ર છે. તેની આયૂ પણ માંડ પાંચ વરસની છે. તે તો પરમ શુદ્ધ સાંવરો છે. તેં તેવા નાના ગંગાજેવા લાલને વિષયી કેવી રીતે જાણ્યો ? (૧)

સવાર પડે ને આવે છે ! રોજ રોજ હાથ નચાવીને ન કહેવા જેવાં વચનો બોલે છે. આવું તે કોણ સહન કરે ? વળી તું મારા લાલ પર દોષ લગાવે છે કે - તે ચૂડી ફોડી નાખે છે, હાથ મરડી નાખે છે અને દહીંનાં માટ ઢોળી નાંખે છે ? (૨)

આ એકેય વાતમાં કંઈ દમ નથી. તેમ કહીને નંદરાણી સહજ પણે હસતાં તેની સામે તાકીને ઊભા રહ્યા. 'કેમ શું કહેવું છે ?' તેવા ટોનમાં. ત્યારે પરમાનંદદાસ આ લીલાના દર્શન કરતાં કહે છે કે આ ગોપીને હવે લાલો બહાર પધાર્યો તેના દર્શન થઈ જતાં હસીને ચાલી નીકળી. (૩)

**વિશેષ ભાવાર્થ :**

શ્રીકૃષ્ણ તો અવતારી છે, હરિ છે. સર્વના દુ:ખ હરનારા તેવા સમર્થ છતાં કૃપાવંત છે અને ગંગા જેવા પવિત્ર કહેવા કરતાં, જે પ્રભુના ચરણ સ્પર્શ થવાથી ગંગા પવિત્ર થઈ અને પવિત્ર કરવા રૂપ સામર્થ્ય પ્રાપ્ત થયું તે જ પરબ્રહ્મ પરમ શુદ્ધ છે તેવું જે શ્રુતિ કહે છે, તે ઘનશ્યામ અહીં વ્રજમાં પાંચવરસના બાળક રૂપે લીલા કરે છે. તેમની આ લીલાને કોઈ પ્રાકૃત (વિષય સંબંધિની) કહે તેને માટે શું કહેવું ? અનેક મતના વાદીઓ નવી નવી વિચારધારા લઈને જોર-શોરથી પોતાનો મત રજૂ કરે છે પણ જો તેમાં વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવતના વચનોથી એકસૂત્રતા નથી તો તેવા વચનોની કોઈ કિંમત નથી અને એવા વચનો સહન થઈ શકે પણ નહિ. આ કનૈયો જે ચૂડી ફોડવા રૂપ લીલા કરતો હોય તો તે સમજાવવા માંગે છે કે સર્વનો સ્વામી હું છું. તું જો બીજાને સ્વામી કહે છે તો તારી તે માન્યતાને હું તોડું છું. જો તારા હાથ અન્ય દેવની સેવા-પૂજા કરે છે અને તેને મારી સેવા-પૂજાના અંગરૂપ પણ નથી જાણતો તો હું તારા હાથ મરડીને તને સાચી સમજ આપવા માગું છું અને જો તારા વિચારોમાં વિકૃતિ આવી છે (દૂધનું દહીં થવું તે

વિકૃતિ) તો તેવા વિકૃતિરૂપ વિચારોને હું ઢોળી નાશ કરું છું. આ બધું સ્વરૂપ તે પરબ્રહ્મનું લીલારૂપે છે તેવું મહાપ્રભુ (ગોપી), યશોદાજીને કહે છે. ત્યારે સ્નેહમાત્ર જેમનામાં છે અને માહાત્મ્યજ્ઞાન અંશમાત્ર નથી તેવા યશોદા ગોપીનાં વચન નથી માનતાં. તે તો માને છે કે આ મારો નાનકડો પુત્ર જ છે!

માતાના આ સ્નેહને પોષણ કરતાં પ્રભુ બહાર પધાર્યા ત્યારે તેમના દર્શન કરી તે સ્નેહમય સ્વરૂપને હૃદયમાં પધરાવી ગોપી મુસ્કાતી ચાલી ગઈ.

આ બન્ને ય લીલાના દર્શન પરમાનંદદાસે કર્યા.

**(૧૬૨) રાગ – ટોડી** 3/૧૯૬

**કબહૂ અકેલે પાય પ્રીતમ**
**ગોપી લે બેઠી ગોદ ઉરાહનો સિખાવત ચોરી મિસ આવો ગેહ**
**સામગ્રી ઘર રાખી છિકન પર ભાવે સો લીજીએ યહ તુમ્હારી દેહ** ૧
**જિન કોઉ ઓર છીયે યહી બડો તાપ હીયે અકેલે હી ભાજન કરો**
**રસિક પ્રિતમ હમ આવેંગી ઉરાહને કે મિસ બરસાવો નેહ**
**જસુમતી કે આગેં તુમ મનમેં મત દીજો છેદ** ૨

**ભાવાર્થ :**

ક્યારેક પોતાના પ્રીતમ કનૈયો ગોપીને એકાંતમાં મળી ગયો. ત્યારે ગોપી તેને ગોદમાં બેસાડી, 'ઠપકો આપવા જવાનો પ્રસંગ' ઉભો કરવા માટે કનૈયાને કહે છે - આપ મારા ઘરે ચોરી કરવાના મીસે જરૂર પધારજો. આપની મન ગમતી સામગ્રી છીંકા પર રાખેલી છે. જે ભાવે તે લેજો. આ દેહ જ આપનો છે પછી બીજી વસ્તુની શી વાત છે? (૧)

આ આપના દેહને કોઈ બીજો સ્પર્શ કરે તે વાતનો જ મને ઘણો તાપ રહે છે માટે આપ એકલા જ પધારીને ભોજન કરો અને મારી પર તે રીતે પ્રેમ વર્ષા કરો.

તે પછી હે રસિક જનોના પ્રીતમ, હું ઠપકો આપવાના મિસે જસુમતિની પાસે આવીશ. પરંતુ આ ઠપકાને મિઠો જ ઠપકો માની તમે મને મનથી પણ દગો ન આપશો અને નિત્ય ચોરી મિસે આવ્યા કરજો અને હું પણ નિત્ય ઉરાહનાને મિસે આપના લાવણ્યનું પાન કરવા નંદગૃહે આવ્યા કરીશ. (૨)



**(૧૬૩) રાગ – સારંગ** 3/૧૯૬

સયાને કબ લગી હોઈ હૌ લાલ
નાહિન સમુઝી પરતી તુમ્હારી ગતિ મોહન મદનગોપાલ ૧
દિન પ્રતિ ઘરહી ઉરહાનુ આવે અંબુજ નૈન વિશાલ
નવલછ ગોધન નંદરાઈ કે અજહું ન છાંડ હું ચાલ ૨
કહતિ જશોદા સુનું મેરે મોહન ચુંબૌ સુંદર ગાલ
**પરમાનંદ** પ્રભુ તજી ન શકતી છીનું બંધી પ્રેમકી જાલ ૩

**ભાવાર્થ :**

યશોદાજી પોતાના લાલને ગોદમાં બેસાડીને પ્રેમપૂર્વક શિખામણ આપે છે - લાલ તમે સમજણા ક્યારે થશો? હે મોહન, મદનગોપાલ મને તો કોઈ સમજ નથી પડતી. (૧)

હે કમલનયન, રોજે રોજ આપણા ઘરે ઠપકો આવે છે, તેવું તમે શા માટે કરો છો? દૂધ-માખણ-ઘીની આપણે ત્યાં ક્યાં ખોટ છે? નંદરાયના ઘરે તો નવલાખ ગાયોરૂપ ધન છે. હવેથી તમે તેવી બીજાના ઘરે જવા રૂપ 'ચાલ' છોડી દો. (૨)

તમે ત્યાં માખણ-ઘી ખાવા જાવ છો તેથી મારાથી દૂર થાઓ છો, તે તમારાથી એકપળની દૂરી પણ મારાથી સહી શકાતી નથી. કેમ કે તમારી પ્રેમજાળમાં હું જકડાઈ, બંધાઈ ગઈ છું. (૩)

# છાક કે પદ

**(૧૬૪) રાગ – સારંગ** 3/૨૦૮

અકેલી વન-વન ડોલી રહી
ગાંઈ ચરાવત કહાં રહે હરિ કાહૂને ન કહી ૧
બડે સવારે નિકસે ઘરતેં પઠયો માઈ દહી
ભૂખ લગી વ્હૈ હૈ લાલનકો દુપહર જાળ સહી ૨
ઈતનો વચન સુનત મનમોહન નાગરી બીથા લહી
**પરમાનંદદાસ** કો ઠાકુર ગોકુલ રતિ નિબહી ૩

**ભાવાર્થ :**

ગોપી એકલી જ એકથી બીજા-ત્રીજા એમ વનમાં ભટકી રહી છે કેમ કે યશોદા

મૈયાએ તેની સાથે લાલન માટે દહી મોકલ્યું છે.

ગોપી મનોમન બોલવા લાગી - ગાય ચરાવતાં ચરાવતાં આ હરિ ક્યાં છે તે કોઈ જ કહેતું નથી. (૧)

આપ વહેલી સવારથી જ ઘરેથી નિકળી ગયા છે અને આપના ઘરથી દહી મારી સાથે મોકલ્યું છે, તે મારે હવે જલ્દી પહોંચાડવું છે પણ લાલનની ભાળ મળતી નથી. હવે ગોપીને ખૂબ આર્તી થાય છે અને જે મનમાં ભાવ છે તે બહાર વાણીમાં પ્રકટે છે કે - આ બપોરની વેળા થઈ છે અને લાલન ભૂખથી ખૂબ વ્યાકુળ થઈ ગયા હશે ! (૨)

મારું કશું જોર ચાલતું નથી. આવાં નિ:સાધન વચન સાંભળતાં જ, જે હરિ છે, જે સર્વના દુ:ખ હરવા વાળા છે, જેમણે ગોકુલવાસીનાં મન હરિ લીધાં છે તેવા પ્રભુએ આ નાગરી-ગોપીની વ્યથા - આરતી લઈ લીધી અને ગોપી સામે પ્રકટ થઈ ગયા. કેમ કે આ પરમાનંદ તો તેમના જે દાસ છે તેમનો ઠાકુર - રક્ષક છે અને ગોકુલ પ્રતિની આપની રતિને નિભાવવા માટે તો અહીં પધાર્યા છે. (૩)

**વિશેષ ભાવાર્થ :**

જીવને શ્રીમહાપ્રભુ દ્વારા બ્રહ્મસંબંધ થયા પછી તેને ભાન થાય છે કે તે સહસ્ત્ર પરિવત્સરથી વિખૂટો પડી ગયો છે. જ્યારે તેને ખ્યાલ આવે છે કે તે કૃષ્ણનો અંશ તથા દાસ બન્ને છે. પ્રભુ સમગ્ર સૃષ્ટિના દુ:ખને હરનાર હરિ હોવાથી તો આપ કૃપાળુ છે સર્વ જીવો (ગાંઈ-ગાય-ગો)ની ઈન્દ્રિયોનું પોષણ કરનાર ચરાવનાર આપ જ છે. તે જાણીને જીવની અહંતા દૂર થઈ ગઈ છે.

આ ભૂતલ પર આપની પ્રાપ્તિ માટે અનેક મહાપુરૂષોને પૂછયું તો કોઈએ કર્મ-જ્ઞાન ઉપાસના, મર્યાદાભક્તિ તથા ભૂત-પિશાચ-રાક્ષસ વગેરેની ઉપાસનાના માર્ગ બતાવ્યા પણ કોઈ જ માર્ગે આપ ન મળ્યા. (બડે સવારે) આપે સૃષ્ટિ રચિ ત્યારથી આ જીવ ભટકતો જ રહ્યો છે. (નિકસે ઘરતે) પ્રભુના ધામમાંથી નીકળીને સંસારમાં ભટકું છું. મને મોકલ્યો છે (પઠાયો મોઈ) પરંતુ આપ નહિ મળતાં હવે મને અત્યંત તાપ-ક્લેશ થઈ રહ્યો છે અને હું તેનાથી બળી (દહીં) રહ્યો છું. તદુપરાંત મને આપનું (લાલન કરવાની) સેવા કરવાની, દાસ પણું નિભાવવાની ભૂખ પણ લાગી છે પરંતુ આ જે જાળ-યામ-કાળ તો દૂપહર (બીજો પ્રહર) એટલે કે આપણે પ્રાપ્ત કરાવી આપે તેવો નથી પણ કળીકાળ છે. વિપરીત કાળ છે. આવા સંજોગોમાં હે પ્રભુ હું શું કરું ? મને આપ હરિ સિવાય કોઈ સહારો નથી



તેવો મનમાં પ્રબળ ભાવ થાય છે ત્યારે તુરત જ ભક્તના ક્લેશયુક્ત આટલા વચન સાંભળતાં જ જેમનું મન ભક્તમાં મોહ પામી જાય છે તેવા પ્રભુએ આ (નાગરી) જીવની વ્યથા લઈ (લહી) લીધી, એ રીતે કે આપ ભક્ત સમક્ષ પ્રકટ થઈ ગયા કેમ કે આપ પરમ આનંદરૂપ પ્રભુ, દાસ તેવા આ ભક્તના સ્વામી છે (ઠાકુર) (ગોકુલ) ભક્તો પર આપનો સ્નેહ (રતિ) છે તે નભાવવા માટે પણ પ્રકટે જ. નહિતો આપની ભક્તો પ્રતિની ભક્તિ ખંડિત થઈ જાય.

આવા પુષ્ટિ પુરૂષોત્તમ ત્રિલોકનાથ ગોકુળનો ઠાકુર બની અદ્‌ભૂત કૃપા કરવા જ આપણે માથે શ્રીવલ્લભની કૃપાથી બિરાજ્યા-પધાર્યા છે. તો આપણે દાસધર્મ ચૂકીયે તો કેવા નઠારા ગણાઈએ ?

# પલકનની ભાવના

**(૧૬૫) કાફી** 3/૨૨૭

**મેરે પલકનસોં મગ ઝારું**
**યા મગમેં પ્યારો મેરો આવત હૈ તન મન જોબન વારું** ૧
**સેજ સવારું ચમર ઢૂરાવું મધુર મધુર સ્વર ગાઉં**
**રસિક પ્રીતમ પિય જો મિલે મોહે હંસ હંસ કંઠ લગાઉ** ૨

**ભાવાર્થ :**

ગોપી પોતાના પ્રિયના વિરહમાં સંયોગની આશાએ ભાવવિભોર થઈ ગઈ છે. અને પિય પધારશે તો શું શું કરીશ તે વિચારમાં ખોવાઈ ગઈ છે.

મારી આંખની પલકોથી પ્રભુને આવવાના આ માર્ગને હું સાફ સૂથરો કરી દઈશ.

આ જે ભક્તિમાર્ગ પર પ્રભુ પધારી રહ્યા છે તે માર્ગને એવો શુદ્ધ બનાવીશ કે મારી દષ્ટિમાં અન્ય કોઈ આવે જ નહિ. (મેરે પલન સોં મગ ઝારું - યા માર્ગમેં મેરો પ્યારો આવત હૈ), તથા તેમની પર મારું તન-મન તથા યૌવન સર્વવારી દઉં. તનમન વારે છે એટલે કે સમર્પણ કરે છે અને જોબનમાં અનેક કામના હોય તે ઓવારી દેતાં પોતે નિષ્કામ બને છે, પ્રભુની જે કામના હોય તે પ્રમાણે હું વર્તીશ તેવો ભાવ છે. (૧)

પ્રભુને બિરાજવાની પથારીને સરસ રીતે સજાવું તથા આપને ઠંડક લાગે માટે ચમ્મર ઢોળું અને મધુર મધુર સ્વરથી ગાણ કરું. પ્રભુને સુખ થાય તેવા સેવાના

સર્વ ઉપચારો કરું.

હવે ગોપીને ભાન થાય છે કે તે તો વિચારમાં ખોવાઈ ગઈ છે. તેથી કહે છે - મારો પ્રીતમ તો રસિક છે. રસપાય છે અને પીવે છે. તે જો આપની કૃપાથી મળી જાય તો તો મને એટલો બધો હરખ થાય કે સૌ પ્રથમ તો તેમને મારા કંઠ સાથે લગાવી દઉં. જેમં દીક્ષામાળા કંઠમાં ધર્યા પછી નિકળે નહિ તેમ મારા પ્રભુને હું મારા કંઠથી શ્વાસની જેમ અળગા જ ન કરું. (૨)

# રાજભોગ દર્શન (ઉષ્ણકાળ)

**(૧૬૬) રાગ – સારંગ** 3/૨૨૯

ચિતવત રહત સદા ગોકુલતન
વારવાર ખિરકી વ્હે ઝાંકત, અતી આતુર પુલકિત તન ૧
નમ્ર સખા સુખ સંગહી ચાહત ભરત કમલદલ લોચન
તાહી સમય મિલેરી ગોવિન્દપ્રભુ કુંવર વિરહ દુઃખ મોચન ૨

**ભાવાર્થ :**

અહીં કોઈ એક ગોપીની કથા નથી પરંતુ પ્રત્યેક ગોપીની કથા છે અને આ તો રોજે રોજની કથા છે. એમ લાગે કે તેઓ પોતાના સંસારમાં વ્યસ્ત છે પરંતુ તેમનું અંતર (ચિત્તવત) તો (સદા) હંમેશા (ગોકુલતન) કનૈયામાં જ લાગેલું રહે (રહત) છે. કનૈયો સમસ્ત ગોકુલવાસીઓનો દેહ છે. કોઈ ભક્ત તેની આંખ સમાન છે, તો કોઈ ચરણ સમાન, તો કોઈ હસ્ત, તો કોઈ હૃદય, તો કોઈ પ્રાણ, તો કોઈ નાસિકા, કોઈ ભાલ, કોઈ અધર, કોઈ ચિબુક... દરેક પોતપોતાનાં ભાવાનુસાર કનૈયાના શ્રીઅંગ છે. કનૈયો સૌનો અંગી (તન) છે. તેથી 'ગોકુલતન' અને આમેય પરબ્રહ્મ રૂપે તો તે સર્વ ઈન્દ્રિયધારીઓ (ગોકુલ) નો અંશી છે જ. અથવા જે ગોકુલમાં તેનું તન (દેહ) પુષ્ટ થયું, તેનો બાંધો બન્યો. તેથી ગોકુલતન. અથવા તે પરબ્રહ્મ હોવા છતાં પણ ગોકુલવાસીઓની જેમ ગોવાળીયો બન્યો તેથી તેમના જેવો ગોકુલતન.

આ જે કનૈયાની યાદી ગોપીના ચિત્તમાં છે, જ્ઞાનમાં છે તે હવે ક્રિયામાં પણ આવે છે. તેથી વારંવાર બારી પાસે આવીને દૂર દૂર નજર કરે છે. (વારવાર ખિરકી વ્હે ઝાંકત) જ્યારે આમ છતાં કનૈયાના દર્શન નથી થતાં તેથી મન-ચિત્ત બહુ આકુળ-વ્યાકુળ થઈ જાય છે. (અતી આતુર) અને દેહમાં તેની પ્રતિક્રિયા રૂપે પુલકાયમાન



થાય છે, રોમાંચ, શ્વાસ ઊંચો થવો, પેટમાં ગડગડાટ. આવી પ્રક્રિયા ૧૦ પ્રકારના પ્રાણમાં થવા લાગી. (૧)

આમ થવાનું કારણ શું ? કેમ કે આ ગોપીજનનો પ્રભુ પ્રત્યેનો સખ્ય ભાવ છે. પરંતુ તેઓ તામસ નથી, નમ્ર-દીન ભાવવાળા (સાત્વિક) છે (નમ્રસખા) તેમને જો કનૈયાનો સંગ મળી જાય (સખા) તો જ સુખ થાય અને જો તેમ ન થાય તો તેમનું ધૈર્ય ખૂટી જાય છે. તેથી તેમના ચિત્તવતમાં રહેલ દુઃખ તેમના કોમળ, વિશાળ, કમલ સમાન નેત્રોમાં જળરૂપે છલકાઈ જાય છે. (ભરત કમલદલ લોચન).

પરંતુ પ્રભુ તો ખૂબ જ કૃપાળુ છે, ભક્ત વત્સલ છે, ભક્તના દુઃખને સહી શકતા નથી કેમ કે આપ જ તો ગોકુલતન છે. તેથી તત્કાલ આપ તેવા ભક્ત સમક્ષ પ્રગટ થઈ જાય છે. આપ પ્રભુ-સમર્થ છે તેથી તો તત્કાલ જાણી શકે છે અને પ્રકટ થઈ શકે છે અને ગોવિન્દ હોવાથી વ્રજવાસીઓના રક્ષક છે અને ભાવના પોષક છે. ઈન્દ્રે આપેલું નામ ગોવિન્દને આપ સાર્થક કરે છે. નંદજીના કુંવર પધારીને ગોપીજનના વિરહરૂપ દુઃખને દૂર કરે છે. (તાહી સમયમિલેરી ગોવિન્દપ્રભુ કુંવર વિરહ દુઃખમોચન)

किलश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वम् सदानंदम् हृदिस्थं निर्गतम् बहि

પ્રભુ તો ગોપીના હૃદયમાં જ હતા તેથી તો તેની દશા જાણતા હતા અને બહાર પ્રકટ થવું પણ ''તાહી સમય મિલેરી'' સહજ થયું અને આપ આનંદ સ્વરૂપ છો તેથી આપના પધારવાથી દુઃખ ભાગી જાય જેમ પ્રકાશના આવવાથી અંધકાર ચાલી જાય તેમ!

**(૧૬૭) રાગ – સારંગ** 3/૨૩૩

બૈઠે હરિ રાધા સંગ, કુંજભવન અપને રંગ
કરમુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ
મોહન અતી હી સુજાન પરમ ચતુર ગુણ નિધાન
જાનબુઝ એક તાન ચૂકકેં બજાઈ ૧
પ્યારી જબ ગહ્યો બીન સકલ કલા ગુણ પ્રવીન
અતીનવીન રૂપ સહિત વહી તાન સુનાઈ
વલ્લભ ગિરિધરનલાલ રીઝ દઈ અંકમાલ
કહત ભલેં ભલેં લાલ સુંદર સુખદાઈ ૨

### ભાવાર્થ :

પ્રભુને, રાધાજીની હથોટી બીન પર કેવી છે? તે માણવી છે. જગતમાં કે નિત્યલીલામાં જે કંઈ પ્રાકટય થયું છે, થવાનું છે કે થઈ રહ્યું છે તે બધું જ પ્રભુકૃત છે, પ્રભુથી અજાણ નથી. પરંતુ ભક્ત વત્સલતાના કારણે પ્રભુ ભક્તની દરેક કૃતિમાં અહોભાવે, અશ્ચર્ય તથા આનંદ પ્રકટ કરે છે.

પ્રભુ અને રાધાજી કુંજભવનમાં બિરાજેલા છે. કુંજભવનનું પણ આગવું સૌંદર્ય છે (અપને રંગ) ત્યારે પ્રભુ તે રંગના-માદક વાતાવરણમાં રંગાઈને, હાથમાં મુરલી જે ધરેલી છે તેમાંથી સારંગરાગ ગાય છે. પ્રભુ તો સર્વ કંઈ જાણનાર તેવા સુજ્ઞ છે અને સર્વ ચતુરાઈ આપમાં જ બિરાજે છે વળી આપ ગુણના ભંડાર પણ છે જેથી આપ જે કંઈ ચતુરાઈ કરે તે દોષરૂપ નથી, દુઃખ પેદા કરનાર નથી. તેથી પ્રભુએ ચતુરાઈ કરીને જાણે કે પોતે અજાણ હોય તેમ સારંગરાગની એક તાન ચૂકી ગયા, પણ આપે આ જાણી-સમજીને કર્યું છે. (૧)

ત્યારે રાધાજી સમજી ગયા કે સારંગ રાગ ખંડિત થયો અને તેથી જે શિતળતા થવી જોઈએ તથા આહ્‌લાદકતા લાગવી જોઈએ તે લાગશે નહિ તેથી પ્યારીએ પોતાનું બીન લઈ સ્વહસ્તમાં પધરાવ્યું. આપ પણ સર્વ પ્રકારની કલા યુક્ત તથા સર્વગુણો યુક્ત અને સર્વમાં પ્રવીણ છો. તેથી આપે જે સારંગની ધૂન ખંડિત થઈ હતી તે પૂરીખંડિત થાય તે પહેલાં જ પોતાના બિનના સૂરમાં ઉપાડી લીધી. તે તાનને બચાવી લીધી એટલું જ નહિ, પ્રભુ જે પ્રકારે ધૂનને છેડવા માગતા હતા તેનાથી કોઈક જુદા રૂપવાળી ધૂનની તાન આપે બજાવીને પ્રભુને સંભળાવી. બસ થયું... પ્રભુની તાન ચૂકવાનું કાર્ય સિદ્ધ થઈ ગયું. આપ રાધાજી પાસેથી બીન સાંભળવા માંગતા હતા. સીધી આંગળીએ ઘી નિકળે તેમ ન્હોતું તેથી આપે વાંકી આંગળી કરી. શ્રીરાધાજીની નવીનતાપૂર્ણ તથા પ્રસન્ન કરી દેનારી ધૂન-તાન સાંભળીને આપ ખૂબ જ રીઝી ગયા, તેથી પોતાનો તે અનુભાવ પ્રકટ કરતાં, આપે જે માલા ધારણ કરી હતી તે શ્રીરાધાજીને આપી-પહેરાવી, ત્યારે સર્વ ભક્તવૃંદો આપ બન્નેની આ લીલાની ચરમસીમા નિહારીને પ્રસન્ન થઈને કહેવા લાગ્યા - ધન્ય હો ધન્ય હો લાલન તથા સુંદર સુખદાઈની રાધાજી... અથવા ધન્ય ધન્ય લાલ આપે આ સુંદર પ્રતિભાવ આપ્યો તે અમને ખૂબ જ સુખદાયક થયો.

પ્રભુએ પોતાના ભક્તસ્વરૂપો (માલા)ને શ્રી સ્વામીનીજીને હવાલે કર્યા. તેથી ભક્તોને હવે પ્રભુની સર્વ સેવા મળશે તે જાણીને 'ભલે ભલે લાલ' તેમ કહી પ્રસન્નતા જતાવી. (૨)



## (૧૬૮) રાગ - આસાવરી

3/૨૩૧

બલબલ હોં કુંવરી રાધિકા નંદસુવન જાસોં રતિ માની
વે અતી ચતુર તુમ ચતુર શિરોમણિ પ્રીત કરી કેસે રહી છાની ૧
વેનુ ધરત હે કનક, પિતપટ સો તેરે અંતરગત ઠાની
પુન શ્યામ સહજ તુમ શ્યામા અમ્બર મિસ અપને ઉર આની ૨
પુલકિત અંગ અબહી વ્હે આયો નિરખ સખી નિજ દેહ સયાની
સૂરસુજાન સખી કો બુઝે પ્રેમ પ્રકાશ ભયો બિકસાની ૩

### ભાવાર્થ :

ગોપી પોતાની સખી કુંવરી રાધિકાના ઓવારણા લેતાં કહે છે કે તને ધન્ય છે, કેમ કે હે કુંવરી રાધિકા, નંદસુવને તારી સાથે રતિ માણી છે. જગતના પ્રાણી માત્ર સહજતયા પોતાના આત્માને ચાહે છે કેમ કે આત્મા પરમાત્માને ચાહે છે પરંતુ પરમાત્મા જે નિર્ગુણ હોવા છતાં જેના પ્રતિ પોતાની રતિ પ્રકટ કરે તે બડભાગી ગણાય!

નંદસુવન તો ખૂબ જ ચતુર છે અને હે રાધિકા, તું તો ચતુર શિરોમણિ છે. પ્રભુ જેને વશ હોય તે તો શિરોમણિ જ કહેવાય. આમ બન્ને ચતુર છો તેથી તો તમારી પ્રીતિ છાની ન રહેતાં પ્રકટ થઈ ગઈ! (૧)

પ્રભુ વેણુને ધારણ કરનાર છે. તે વેણુ કનક એટલે કે પીળા રંગની છે, તેમણે જે વસ્ત્ર ધારણ કર્યું છે તે પીળા રંગનું (પિતપટ) છે અને તારો વર્ણ પણ પિત-સોનેરી છે. તેથી તો તેવા પીત વર્ણને ધારણ કરનારા તારા અંતરમાં જઈને બેઠા છે. તેમનો વર્ણ શ્યામ છે અને તું સહજતયા શ્યામા છે, શૃંગાર રસ પૂર્ણ છે. તેં જે વસ્ત્ર ધારણ કર્યાં છે તે પણ શ્યામ (શ્યામા અમ્બર) તેથી શ્યામ વસ્ત્રના બહાણે તેમણે તને પોતાના હૃદયમાં ધારણ કરી.

સૌંદર્ય નિજહૃદ્‌ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં

આ ઠાકુરજીનો ભાવ શ્યામાજીમાં બિરાજ્યો તે ગૂઢ સ્ત્રીભાવ અને સ્વામિનીજીનો ગૂઢ પુ.-ભાવ પ્રભુમાં પધાર્યા. (૨)

હવે સખી રાધાજીને કહે છે તમારી પ્રીતિ કેવી રીતે પ્રકટ થઈ ગઈ તે કહું. તમારાં રોમે રોમ પૂલકિત થઈ ગયાં છે, પરસ્પર પ્રીતિનું આદાન-પ્રદાન થવાથી! તે તો અમને રોમાવલી જોતાં જ જણાઈ જાય છે. હે શાણી-ચતુર, તું જાતે જ જોઈ લે

ને ! (પુલકિત અંગ અબહી વ્હે આયો નિરખ સખી નિજ દેહ, સયાની!)

કેમ કે સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હી તત્ સાક્ષિકમ્

બન્ને પ્રિયા-પ્રીતમનો ભાવ એકબીજામાં બન્ને ઠેકાણે રમમાણ થઈ રહ્યો છે. તેનો અનુભાવ (સાક્ષી) રોમાંચ છે. આ પ્રકારે બન્નેના હૃદયમાં રહેલો પ્રેમ રૂપ પ્રકાશ ફેલાયો.

આ પ્રકાશ ફેલાવનાર શ્રીઆચાર્યજી કે જે પ્રભુ અને સ્વામિનીજીના હૃદયમાં રહેલ પ્રેમનો અનુભાવ છે. હૃદયમાં થઈ રહેલો અનુભવ, અનુભાવ રૂપે મુખ પર, આંખોમાં પ્રકટ થઈ જાય છે. ભગવન્મુખાવતાર શ્રીમહાપ્રભુ આ પ્રકારે પુષ્ટિમાર્ગમાં પ્રેમમાર્ગને પ્રકટ કરીને, દૈવીજીવોને અલૌકિક ફલદાન કરવામાં પ્રભુને સહાયભૂત બન્યા છે. (૩)

**(૧૬૯) રાગ – સારંગ** 3/૨૨૮

તા દિન તે મોહી અધિક ચટપટી
જા દિનતેં દેખે ઈન નયનન ગિરિધર બાંધે માઈ પાગ લટપટી ૧
ચલેરી જાત મુસકાત મનોહર હંસ જો કહી એક બાત અટપટી
હોં સુન શ્રવણન ભઈ અતી વ્યાકુલ પરી જોહૃદયમેં મદન સટપટી ૨
કહારી કરું ગુરુજન ભયે વૈરી વૈર પરે મોંસો કરત ખટપટી
**પરમાનંદ** પ્રભુ રૂપ વિમોહી નંદનંદન સોં પ્રીતિ અતીજટી ૩

**ભાવાર્થ :**

ગોપીનું મન કોઈક ચોક્કસ પ્રભુલીલાના કારણે આપમાં નિરુદ્ધ થઈ ગયું છે. તેના કારણે તેની શું સ્થિતિ થઈ છે તે પોતાની સખીને જણાવે છે - કે મારાં મનમાં તેમને મળવાની ખૂબ જ ચટપટી તે દિવસથી થઈ ગઈ છે કે જે દિવસે મેં મારી આ સગી આંખોથી આ ગિરિધરને પોતાની પાઘ બાંધતા નિરખ્યા છે મારું મન તે પાઘના આંટામાં લપેટાઈ ગયું છે. (૧)

વધારામાં તે મારી પાસેથી પસાર થયા ત્યારે લોભામણું મન હરિ લેતું હાસ્ય કર્યું અને કંઈક એવી રસમય વાત અટપટી બોલીમાં જ કહીને ચાલ્યા ગયા. તે શબ્દો મારા કાનમાં પડયા ત્યારથી હું આપને મેળવવા (પામવા) માટે વ્યાકુળ થઈ ગઈ છું. કેમ કે કાનમાં પડેલા શબ્દો હૃદયમાં પેઠા અને તે શબ્દોએ મદન નું રૂપ ધર્યું. તેથી મારાં હૃદયમાં હલબલ મચી ગઈ છે. (૨)



પણ હું આપને મળી શકતી નથી. આ મારા વડીલો મારા માટે વેરી બન્યા છે અને મારા રસ્તામાં પ્રતિબંધના પેંતરા કરે છે. (કરત ખટપટી). પરમાનંદ પ્રભુના રૂપમાં હું તો મોહી પડી છું. બીજું કંઈ સૂઝતું નથી અને હવે તો આ નંદનંદન સાથે પ્રીતિથી એવી જોડાઈ ગઈ છું કે તે છૂટે તેમ નથી.

આમ ગોપી પોતાની નિઃસાધનતા પ્રકટ કરે છે. (૩)

**(૧૭૦) સારંગ** 3/૨૨૮

**આનંદ સિંધુ બઢયો હરિતનમેં**
**રાધામુખ પૂરણશશિ નિરખત ઉમગ ચલ્યો વ્રજવૃંદાવનમેં** ૧
**ઈત રોક્યો યમુના ઉત ગાપીન કછુ એક ફૈલ પર્યો ત્રિભુવનમેં**
**ના પરસ્યો કરમઠ અરૂ જ્ઞાની, અટક રહ્યો રસિકનકે મનમેં** ૨
**મંદમંદ અવગાહત બુદ્ધિબલ ભક્તહેત લીલા છીન છીનમેં**
**કછુ એક લહ્યો નંદસૂનુ કૃપાતેં સો દેખિયત પરમાનંદ જનમેં** ૩

**ભાવાર્થ :**

પ્રભુ રસો વૈસઃ છે અને તે જ પરબ્રહ્મ કૃષ્ણ સદાનંદ છે. આપ તો રસસમુદ્ર છો જે અગાધ અને અફાટ છે. પરંતુ તે રસ છલકાય તો જ મળી શકે. પરંતુ છલકાય ક્યારે ? સિંધુ તો છલકાય નહિ તેવો ગંભિર છે પરંતુ પૂર્ણિમાના ચંદ્રના દર્શને આ ગંભિર સમુદ્રમાં પણ ભરતી આવે છે. ત્યારે કીનારાની બહાર નિકળી જાય છે. આ પરમાનંદપ્રભુના હૃદય-વપુમાં આનંદની ભરતી આવે છે, ત્યારે કે જ્યારે શ્રી રાધાજીનું મુખચંદ્ર નિરખે છે. આ જ પૂર્ણશશિ છે એટલે કે નિર્દોષપૂર્ણ શશિ છે. તેમાં ભૌતિક ચંદ્ર જેવું કલંક નથી. પ્રભુનું સમોવડીયું હોવા છતાં પ્રભુ તેને અધિક જાણે છે. પ્રભુ આ રાધા મુખ શશિને નિરખતાં જ ઉભારઈ જાય છે. આ રસ છલકાઈને વ્રજ અને વૃંદાવનમાં વહેવા લાગ્યો. માટે તો વ્રજ અને વૃંદાવનમાં રસાત્મકતા છે. (૧)

શ્રીયમુનાજીએ પણ તે રસને પોતાનામાં રોકી લીધો જેનું વર્ણન યમુનાષ્ટકમાં 'શ્રમશ્રમજલાણુ'થી વર્ણિત છે. તો વ્રજનાં નિઃસાધન ભાવવાળાં ગોપીજનોએ પણ તે રસને આકંઠ પીધો અને ત્રિભુવનમાં પણ જે કંઈક અંશે રસાત્મકતા જણાય છે તે આ રસ છલકાઈને જ ફેલાયો તેના કારણે છે, ભૂવં ભૂવન પાવની પરંતુ ભગવદીયો જેને આ રસનું દાન કરાવતા નથી તેવા કોણ ? રસમાં ભિંજાયા વગર કોરા જલકમલવત્ રહ્યા તે કોણ ? શાસ્ત્રોનું અવગાહન કરવા છતાં તેમાં

રહેલ પ્રભુના પ્રેમતત્ત્વને ના પીછાન્યું તેવા કર્મમાર્ગી માત્ર (કરમઠ) તથા કેવલ જ્ઞાનમાર્ગી.

આ રસના અધિકારી રસિક તરીકે ઓળખાય છે. 'સિંહણ કેરું દૂધ હોય તે સિંહણ સૂતને જરે કનકપાત્ર પાખે સૌ ધાતુ ફોડીને નિસરે, જે કોઈ પ્રેમઅંશ અવતરે.' આ પ્રેમ અંશ તે જ રસિકજન (૨)

પ્રભુ ક્ષણેક્ષણે નૂતનપ્રકારની લીલાકરે છે તેનો પ્રકાશ ભક્તના અંતઃકરણમાં પડે છે. તેનો આનંદ ભક્ત ચાટણની જેમ ધીમે ધીમે માણે છે. પરમાનંદદાસજી કહે છે કે નંદસૂનુની કૃપાથી કંઈક મને પણ તે રસનો લાભ મળ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતની અનુક્રમણિકા સંભળાવી તેથી ભગવલ્લીલા તેમના (પરમાનંદદાસના) હૃદયમાં સ્થિર થઈ ગઈ.

પરમાનંદદાસ દીનતા પ્રકટ કરી રહ્યા છે કે તેથી તો ભગવદીયજનોનો (પરમાનંદ-જન) મને મેળાપ-દર્શન થાય છે (દેખીયત)

આ પ્રકારે ભગવદ્‌રસનું ભૂતલના જીવો, અલૌકિક સ્થળો, અલૌકિક પ્રવાહમાં દાન કોના મીસે થયું અને કયા પ્રકારે થયું તે પરમાનંદદાસજીએ અવગાહન કરાવ્યું. (૩)

**(૧૭૧) સારંગ** 3/૨૨૮

નંદનંદન નવલકુંવર વ્રજવર સૌભાગ્યસીમ
વદનરૂપ નિરખત સખા નયનન મન હરતરી
શ્યામશ્વેત અતીપ્રવીણ વંક ચપલ ચિતવની
માનો શરદકમલ ઉપર ખંજન દ્વૈ લરતરી ૧
અલકાવલી મધુપ પાત અંગઅંગ છબિ કહીન જાત
નિરખ સુંદર વદન મદન કોટી પાંચ પરતરી
કુંભનદાસ પ્રભુ ગિરિધરસ્યામ રૂપમોહની
દીવ-ભૂ પાતાલ યુવતી સહજે વશ કરત રી ૨

**ભાવાર્થ :**

શ્રીનંદજીના નંદનના સૌંદર્યનું વર્ણન કરે છે. આ નંદનંદન સૌથી અનોખા જ કુંવર છે. કુંવર કહેતાં કુમારિકાઓએ જેમને વર તરીકે વરણ કર્યા છે. તેમના માટે આ સર્વતોશ્રેષ્ઠ ભાગ્ય છે કે જે ભાગ્યની સિમા નથી - વિધાતા જે કંઈ સુખ



આપે તે ભાગ્ય. પણ વિધાતાની સીમા બહારનું જે સુખ છે તે પૂર્ણાનંદ. તે તો માત્ર નંદકુંવર જ આપી શકે. તેથી સૌભાગ્યસીમ કહ્યા છે.

આપનું મુખકમળ એવું આકર્ષક છે કે નિરખતાં માત્રમાં જ, જેઓને આપે સખ્યનું દાન કર્યું છે તેવા ભક્તો આપમાં નિરુદ્ધ થઈ જાય છે. એટલે કે જે મનભ્રમર ભક્તની અંદર હતો તે ઊડીને તુરત જ તે વદનકમળનો રસ પીવા ત્યાં દોડી જાય છે અને આ એવું કમળ છે કે જે કદી સૂર્યાસ્ત થયા પછી બિડાતું નથી કે નથી તેમાંથી રસ ઘટતો, રસરૂપ છે.

આપ શ્યામ વર્ણના છો પરંતુ ઉજ્જવલકાન્તિવાળા (શ્વેત) અને આપની દૃષ્ટિ તીરછી કરીને અનેક ભાવ જતાંવવામાં આપ અતી પ્રવીણ છો. તે બે ભમ્મર એવાં લાગે છે કે જાણે શરદઋતુના સ્વચ્છ જળમાંથી પ્રકટેલા

**(૧૭૨) સારંગ** 3/૨૩૨

ચલોકીન દેખન કુંજ કૂટી
મદનગોપાલ જહાં મધ્યનાયક મન્મથ ફોજ લૂટી ૧
સુરત સમરમેં લરત સખીકી મુક્તામાલ ટૂટી
ઉરજતેં જુ કંચુકી ચૂરકૂટભઈ કટીપટ ગ્રંથી છૂટી ૨
રસિક શિરોમણી સૂર નંદસૂત દીની અધર ઘુટી
પરમાનંદ ગોવિન્દ ગ્વાલીનકી નીકી જોટ જૂટી ૩

**ભાવાર્થ :**

ગાપીઓ ભેગી થઈને એકબીજાને કહે છે કે ચાલો જોવા જઈએ. એક નવતર લડાઈ જામી છે તે જોવાનો મોકો ફરી નહિ મળે. વનમાં કુંજ છે - ઘાડી વનરાઈ છે અને તેની અંદર એક કુટીર છે ત્યાં જવાનું છે. (ચલો કીન દેખન કુંજકુટી.)

ત્યાં એક પક્ષે ગોપાલ - સર્વ ઈન્દ્રિય ધારીઓના પાલક (ભર્તા-ભોક્તા) સ્વયં છે તેમનામાં આજે જુસ્સો (મદન) પ્રકટ થયો છે. તેથી તેમને એકલાએ જ સૌંદર્યની ફોજ (મન્મથ ફોજી)ને લૂંટી છે. તેવા તે સાહસિક છે. આખા વિશ્વના કર્તા અને રૂપ એક પરબ્રહ્મ છે. અને જેમ ચિત્ પદાર્થ સત્ પદાર્થનો ભોગ કરે છે તેમ આનંદ પદાર્થ જ ચિત્ સત્‌નો ભોગ કરે તે સહજ છે. (૧)

પરંતુ આ યુદ્ધ કંઈ કાપા-કાપીનું નથી પણ પ્રેમની અભિવ્યક્તિ (સુરત)ના મેદાન પર થઈ રહ્યું છે. તેથી પ્રેમના આવેશમાં જ સામે પક્ષવાળી સખી છે, તે કંઈ દુશ્મન

નથી પણ અતીપ્રિય છે. કેમ કે તે પોતાનું જ રૂપ છે. તેને ગળામાં મુક્તામાલ ધારણ કરી હતી. મોતીની માળા આ લડાઈમાં પ્રભુએ તોડી નાખી. પ્રભુ જાણે છે કે તેને તો મારા માયાના આવરણ રહિતનો શુદ્ધ સ્વરૂપાનંદ દેવો છે અને તું મોક્ષ-મુક્તાની માળાથી બંધાઈ ગઈ છે? તું મોક્ષ પુરૂષાર્થની દીક્ષા ક્યાં લઈ બેઠી? (ગળાની માળા) તારે તો મારી દીક્ષા લેવાની છે. તારા કંઠની માળા તો હું બનીશ. માટે જ શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે આ માળા નહિ નિકળે. કાઢવી હશે તો પણ ગળુ કાપવું પડશે. દયારામભાઈ કહે છે - શિરસાટે નટવરને વરીયે... (મુક્તામાલ ટૂટી...)

ઉરજ તે જુ કંચૂકી ચૂરકૂટ ભઈ

હૃદયમાંથી જન્મતા જે કાચ (કંચ) કે જે સાચું મણિ નથી, (કંચુકી એટલે કાંચળી) સાપ જેમ અનાસક્ત ભાવે કાંચળી ત્યજે તેમ અહીં હૃદયમાંથી સંસારરૂપ ભાવ ખંડ-ખંડ થઈ ગયો. કંચુકી (રક્ષક) મારા રક્ષક મારો પતિ-પરિવાર કે દેવો છે તેવી માન્યતા પણ તૂટી ગઈ કેમ કે કૃષ્ણ સાથે રતિ થઈ. મણિરૂપ-રક્ષક-શુદ્ધ-ભજનીય કૃષ્ણ છે.

(કટીપટ ગ્રંથી છૂટી - કમર વસ્ત્રની ગાંઠ છૂટી ગઈ. કટ - દૂર થવું, કપાઈ જવું. પટ - ઘટપટ - જગતની ચીજવસ્તુ) જગતની ચીજવસ્તુ પરની આસક્તિ રૂપ ગાંઠ છૂટી ગઈ. કેમ કે તે બધી તો તુચ્છ અને નાશવંત દુ:ખદાય છે. જ્યારે ભગવાન તો આનંદદાયક, મહાન અને નિરંતર છે. તેવા પ્રભુ મળી જાય તેથી જ કહે છે ઉરજતે જુ કંચુકી ચૂરકૂટભઈ કટીપટ ગ્રંથી છૂટી (૨)

હવે કૃષ્ણનું સ્વરૂપ કહે છે કે - તે તો રસિક શિરોમણી છે. જે સંસારમાં રસ છે તે તો તુચ્છ છે. જ્યારે કૃષ્ણ તો રસિક શિરોમણિ છે. સંસારરસ તો દૂધના અવેજમાં અપાતી રબ્બરની ટોટી છે. અને કૃષ્ણ કયો રસ પાય છે? તો કહે છે - "દીની અધરઘુટી. અધર - આધાર વગરનું સ્થાન. આપ તો નિત્ય ધામમાં સ્થાન આપે છે. આ એવું ધામ છે કે તેને કોઈના આશ્રયની જરૂર નથી. સર્વકોઈને તેના આશ્રયની જરૂર છે તેવું તે અ-ધર છે.

ઘુટી - બાળકના પેટ ને પાચન લાયક બનાવનાર પ્રભુ, પોતાના ભક્તોને સ્વકીય જાણે છે. તેમની પાત્રતા જોતા નથી પણ તેને પાત્ર બનાવે છે. લાયક બનાવે છે અને પોતાના ધામમાં સ્થાન આપે છે. તેનું કારણ એ છે કે - (પરમાનંદ ગોવિન્દ ગ્વાલીનકી નીકી જોટ જૂટી.) આપ ગ્વાલીન - નિ:સાધન પ્રેમી ભક્તોના ગોવિન્દ



- રક્ષણહાર તરીકેની પ્રતિજ્ઞાવાળા છો અને આપનું મૂલસ્વરૂપ પરમાનંદ છે. આવા ભક્તોનું વરણ કરીને તેમને પોતાની સ્વયંની જોડી બનાવી દીધી છે. પોતાના તરીકેનો સ્વીકાર કર્યો છે. આવા સૌંદર્ય (નિકી)નો જોટો ક્યાંય ત્રિભુવનમાંય નથી. તેથી જ હે સખી "ચલોકીન દેખન કુંજ કુટી" આવી લીલા પ્રકટ નથી, સર્વ કોઈ માટે નથી, જેના પર પુષ્ટિ થઈ છે તેના માટે જ છે. સ્વકીય ભક્તો પૂરતી મર્યાદીત છે તેથી તો કુંજકુટીમાં લીલા થઈ રહી છે.

આપણું ઘર-મંદિર, કુંજકૂટી છે, જ્યાં સર્વકોઈને પ્રવેશ છે ત્યાં પ્રભુ પુષ્ટિલીલા નથી કરતા ત્યાં તો પૂજા સ્વીકારે છે, સેવા નહિ. તેથી તો શ્રીનાથજી કહે છે "મારે જગતમાં પૂજાવું છે" તે એવું રૂપ ધારીને ભૂતલ પર પધાર્યા છે કે આનંદની શોધ કરનારા સર્વને આકર્ષી લે.

આવા નંદનંદનથી મારી પ્રીતિ એવી જોડાઈને ગાંઠ ખેંચાઈ ગઈ (અતીજટી) કે હવે તે છૂટે તેમ નથી.

આમ ગોપીને કૃષ્ણમાં પ્રેમ કેવી રીતે થયો અને કેવી રીતે તે પ્રેમનો વિકાસ આસક્તિમાં થયો અને કેવી રીતે તે વ્યસનાવસ્થાને પામ્યો અને કેવી રીતે તે સર્વાત્મભાવમાં વિકસ્યો? કેવી કેવી અડચણ પડી પણ પ્રેમ સાબૂત રહ્યો તે પુન: યાદ કર્યું. (૩)

**(૧૭૩) રાગ – સારંગ** **૩/૨૨૮**

**ઐસી પ્રીતિ કહું નહિ દેખી**
**યશુમતીસુત શ્રીવલ્લભસુત જૈસી શેષ સહસ્ત્ર મુખ જાતન લેખી**
**આજ્ઞામાંગ ચલે શ્રીગોકુલ ફિરફિર ઝાંક ઝરોખન પેખી**
**સુનીચત કથા જલદ ચાતકકી કુમુદીની ચંદ્ર ચકોર વિશેખી**
**ઈનકો કીયો સબૈ જીય ભાવત કરત શૃંગાર વિચિત્ર વિશેખી**
**ગોવિંદ ગોવર્ધન પે માંગત બિછૂરો પલછીન અર્ધન મેખી**

**ભાવાર્થ :**

અહીં શ્રીગોવર્ધનધર તથા શ્રીગુસાંઈજીની પરસ્પરની પ્રીતિની પ્રસંશા કરી છે કે તેમના જેવી પ્રીતિ ક્યાંય જોઈ નથી. આ પ્રીતિનો યશ શેષજી (વેદ) પોતાના સહસ્ત્રમુખથી કરે તો પણ પૂરી ગાઈ ન શકે! (૧)

આવી પ્રીતિ ક્યાં જોવા મળે છે તે તરફ નિર્દેષ કરે છે. જ્યારે શ્રીગુસાંઈજી

જતીપુરામાં શ્રીગોવર્ધનનાથની સેવા પહોંચીને પાછી ગોકુળ જવા માટે શ્રીગોવર્ધનનાથની આજ્ઞા માંગી ને જાય છે ત્યારે ઠાકોરજી ઝરૂખામાં આવીને ખડા છે ત્યારે ગુસાંઈજી વારંવાર પાછળ દૃષ્ટિ કરીને તેમને નિહારે છે. જલદ-ચાતકની કુમુદિની-ચંદ્રની કથા તો સાંભળી છે પણ આ તો નજર સમક્ષનું ઉદાહરણ છે. (૨)

તેથી તો શ્રીગુસાંઈજીની પ્રત્યેક સેવા શ્રીગોવર્ધનનાથને પ્રિય લાગે છે અને તેથી જ શ્રીગુસાંઈજી ખૂબ જ પ્રેમપૂર્વક ગોવર્ધનધરના જાતભાતનાં શૃંગાર કરીને પોતાની પ્રીતિને પ્રકટ કરે છે.

ગોવિન્દસ્વામી પોતાના સ્વામી ગોવર્ધનનાથ પાસે માંગે છે કે તમો શ્રીગુસાંઈજીને એક અડધી ક્ષણ માટે પણ વિરહ દુઃખ ન દેતા! (૩)

**વિશેષ ભાવાર્થ :**

યશોમતિ એટલે કે જેની મતિ વિશુદ્ધ પ્રકારની, દરેકમાં યશ (સારુ) જ જોવાની છે તેવાના સુત કૃષ્ણ-ઠાકોરજીના જેવી પ્રીતિ ક્યાંય જોઈ નથી તથા શ્રીવલ્લભ સુત એટલે કે જે બધાનું પ્રિય જ કરવાવાળા છે તેમના સુતના જેવી પ્રીતિ પણ ક્યાંય જોઈ નથી. આ બન્નેની પ્રીતિ પોતાના સેવકો પ્રતિ એવી છે કે તેવી બીજે ક્યાંય નથી જેનાં વખાણ શેષ - વેદ, સહસ્ત્રમુખથી એટલે કે અનેક શ્રુતિઓથી કરે તો પણ પૂરી ન થાય, બાકી (શેષ) જ રહે. તેવી આ પૂર્ણ પ્રકારની પ્રીતિ છે.

શ્રીપ્રભુચરણ જ્યારે પરબ્રહ્મ પરમાત્મા કૃષ્ણ પાસે આવે છે અને ત્યાંથી વિદાય માટે આજ્ઞા માંગીને પોતાના સેવકો કે જે ઈન્દ્રિયધારીનો સમૂહ (ગોકુળ)માં છે તે પ્રતિ જાય છે, ત્યારે ઠાકુરજીને શ્રીગુસાંઈજીમાં પ્રીતિ છે તથા પોતાના ભૂતલ પરના સેવકો પ્રતિ પણ પ્રીતિ છે જેથી તે બન્નેને નિહાળવા તથા કલ્યાણ માટે ફરી ફરીને ઝરૂખા પર ચડીને પણ જૂએ છે અને યાદ કરાવે છે કે જલદ (પોષણ કરનાર) ચાતક (અનન્ય ભક્ત)ની કથા યાદ છે ને? તેમ જ મારા ભક્તો અને આપના સેવકો પ્રતિ તમે જલદ થઈને ભાવનું પોષણ કરજો. કુમુદ (રાત્રે ઉગતા કમળ) જેમ ચંદ્રને જોઈ ખીલે તેમ તમે ગોકુલચંદ્ર છો જેથી તમારા થકી જ આ ભક્તોમાં રહેલ પ્રેમ ખીલી ઉઠશે અને ચકોર પક્ષીને જેમ ચંદ્રમાં આસક્તિ છે તેમ આ ભક્તોને અમારી આસક્તિ છે તેથી તો તેમને પ્રભુનું કરેલ બધું જ ગમે છે. પ્રભુ જે ભક્તનો જેવો ભાવ હોય તે પ્રમાણે શૃંગાર કલ્પદ્રુમ રૂપ થઈને તે તે ભક્ત માટે તેવો શૃંગાર-રૂપ ધારણ કરી તેના ભાવનું પોષણ કરે છે. આમ વિચિત્ર,



ભાત-ભાતના રૂપ (શૃંગાર) આપ ધારણ કરી ભક્તને પરમાનંદનું દાન કરે છે.

ઈન્દ્રે ગોવિંદ નામ એટલે જ આપ્યું કે વ્રજભક્તોનું રક્ષણ કરનાર જે છે તે ગોવિંદ પણ તેમના ભાવનું વર્ધન, (વિકાસ) પ્રેમથી, આસક્તિથી, વ્યસનથી સર્વાત્મભાવ સુધી પહોંચાડનાર ગોવર્ધનતો તમો પ્રભુચરણ જ છો. જેથી ગોવિંદ (ઠાકોરજી) ગોવર્ધન (ગુસાંઈજી) પાસે માગે છે કે મારા પ્રિય ભક્તોને એક અડધી ક્ષણ માટે પણ છોડતા નહિ. મને તે દૈવી જીવો ખૂબ પ્રિય છે. મેં તમને તેમના ભાવના પોષણ માટે સોંપ્યા છે. અગાઉ મહાપ્રભુજીએ રામાનંદને છોડયા તો તે કેવા ભાવદુર્બળ થઈ ગયા હતા? જોકે મારું નામ ગોવિંદ હોવાથી મેં તેમનું રક્ષણ કર્યું હતું કે જેથી તે માર્ગથી વિમુખ તો થાય જ નહિ.

આવી શ્રીઠાકોરજી તથા શ્રીગુસાંઈજીને ભક્તો માટેની અતીશય પ્રીતિ છે.

જેમ શ્રીવલ્લભ ઠાકોરજીને પ્રિય હોવા છતાં ભૂતલ પર દૈવી જીવોના ઉદ્ધારાર્થે પ્રભુ મોકલે છે કેમ કે દૈવી જીવો પણ પ્રિય છે અને તેથી તો એ બે વખત આજ્ઞા કરે છે કે 'પાછા આવો' પણ શ્રીઆચાર્યજી બન્ને આજ્ઞાને ઉલ્લંઘે છે કેમ કે ઠાકોરજીની દૈવી જીવો પ્રતિની પ્રિયતા પોતે જાણે છે તેવા જ પ્રસંગની આ પ્રતિકૃતિ છે.

# આવની કે પદ

**(૧૭૪) રાગ – પૂર્વી** ૧/૯૭

**દેખી ગોપાલકી આવની**
**કમલનયન સ્યામસુંદર મૂરતી મનભાવની** ૧
**બરૂહચંદ સીસમુકુટ ગુંજામની લાવની**
**પરમાનંદ પ્રભુ ગિરિધર અંગઅંગ નચાવની** ૨

**ભાવાર્થ :**

ગોપાલ આવી રહ્યા છે તે જૂઓ. કેટલા તાપ પછી પ્રભુ પધાર્યા તેથી સૌ આનંદથી એકબીજી સખીઓને કહી રહ્યા છે કે જૂઓ ગોપાલ આવ્યા. આપના સ્વરૂપાનંદનો આનંદ કંઈક આ પ્રકારે લઈ રહ્યા છે.

એક કહે છે આપના નયન, કમલ સમાન રતુમડા, પ્રફૂલ્લિત, નિર્મળ, સ્નેહાળ છે. આપ શ્યામ-શૃંગાર રસાત્મા છે અને સુંદર છે. આપનું સ્વરૂપ ભક્તના મનમાં ભાવ-પ્રેમને ખીલવનારું છે. (૧)

આપના સીસ ઉપર જે મુકુટ છે તેમાં મોર પિચ્છ છે. આપે જે ગુજામણિને ધારણ કર્યા છે તે લાવણ્યમય શોભાયમાન છે. આવા શૃંગાર ધારી પ્રભુ પરમઆનંદ આપવાવાળા છે. આવા પ્રભુ અમારા માટે ગિરિધર બન્યા છે અને પોતાના અંગેઅંગ નચાવતા પધારી રહ્યા છે. (૨)

### (૧૭૫) રાગ – પૂર્વી 3/૨૯૦

મુરલી અરૂન અધર ધરે આવત હરિ હરે હરે
ગાવત રસિકતાન સુરભીન સંગ લીને
મોર પિચ્છ સિસમુકુટ મકરાકૃત કુંડલ છબિ
વૈજ્યંતીમાલ અંગ ચંદન હી દીને ૧
કાછિની કટી નુપૂર પદ નિપટ વચન અટપટે રટ
નટવર વપુ ગ્વાલ સંગ શોભિત રંગભીને
ગોવિંદપ્રભુ ગિરિવરધર ગ્વાલિ નિરખી થકીત રહી
ધાવત મુખ વારિજ ઉપર મકરદગ કીને ૨

**ભાવાર્થ :**

પ્રભુ આ ગ્રિષ્મકાળમાં વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે ત્યારે ભક્તોને આપના દર્શન થાય છે તેનું સ્મરણ કરે છે. યા તો પ્રેમના ઉભરામાં અન્યને કહી રહ્યા છે - આપ રતુમડા અધર ઉપર મુરલી ધરીને ધીમું ધીમું ગાન છેડતા પધારી રહ્યા છે તથા સાથે સાથે પોતે પોતાના મુખથી રસ ઉપજાવે તેવો તાન પણ આપી રહ્યા છે. એવા પ્રભુ પોતાની સુરભી (દેવ-ગાય) સમાન કે કહો તેથી પણ અધિક તેવી ગાયોને પોતાના સંગ-સુખનું દાન કરતા કરતા પધારી રહ્યા છે. કેમ કે આ મધુર - રસિક રવ તે પણ સાંભળે છે. આ ગાન કેવું છે - તે આપના આભરણ સમાન છે. એટલે કે ભક્તો માટે આપનું આ ગાન જ આપની શોભા છે કેમ કે આપના દર્શન પહેલાં પણ આ સ્વરે ભક્તોની કર્ણેન્દ્રિયોને રસ પાયો છે. વળી આ ગાન રસ ઉપજાવનાર છે, આપના સ્વમુખની વાણી છે, વેદ તુલ્ય છે તથા તેના સૂર ભીના છે એટલે કે સ્નેહાળ છે (સુરભીન) આવા નાદબ્રહ્મથી સૌ પહેલાં વ્રજભક્તોને સંગ કરાવી તેમના વિરહદુઃખને ઠારનારા છે. એ ગાન નિષ્કામ-ક્રિડામાં પ્રેરનાર છે (મોરપિચ્છ) તથા તે ગાન અમારા મસ્તકના મુકુટ સમાન છે એટલે કે અમે તે ગાનના શરણાગત છીએ. જેમ મકર (મગર) જલ અને સ્થલમાં રહે છે તેમ સર્વસ્થળે (જલ-સ્થળ) તે ગાન જ અમારા માટે સાંખ્ય-યોગ છે. એટલે કે જ્ઞાન



અને (નિરોધ) ધ્યાન છે. અમારા ધ્યાનમાં તે હરિની જ છબી છે અને અમારા પ્રભુ તો નિઃસાધન તથા વિવિધ ભાવવાળા ભક્તોને પોતાના કંઠમાં ધારણ કરી અંગસુખ આપે છે. અમારા પ્રભુ તો પોતાના ભક્તોથી શોભાયમાન થાય છે. આવા ભક્તોમાં ભક્તિની સુગંધ છે અને પ્રભુ માટે પોતાની જાતને ઘસી નાખનારા છે. પ્રભુને સુખ દેવામાં તત્પર છે. જેમ ચંદન ઠંડુ છે, ગ્રિષ્મમાં સુખદ છે. (૧)

આપ કાછિની ધારણ કરીને આપના પૂર્ણસ્વરૂપને પ્રકટ નથી કરતા. આપના ચરણમાં ઘુંઘરું છે જે જગતને નચાવે છે. તે શા માટે ઘુંઘરું બાંધે છે તે અમને સમજાતું નથી અથવા તો શું આપ આપના ચરણથી અવાજ કરી ભક્તોને ચરણમાં સ્થાન આપવા બોલાવી રહ્યા છો ? આ પણ આપની શોભા (આ પણ શબ્દભાષા) અને આપ જે વચનો બોલો છે તેવા વચનો અમને ખૂબ જ સ્પર્શી જાય તેવા છે. પણ અટપટા છે, જેથી અમારી બુદ્ધિને સ્પર્શતા નથી. તેવી શોભા આપ પ્રકટ કરો છો. આપનું વપુ નટવત્ - વરવત્ તેમ બે પ્રકારનું છે. આપ ચરણ સેવા અને સખ્ય ભક્તિ સાથમાં દેનારા છો. આવા આપના ભિન્ન-ભિન્ન રંગ પ્રકટાવી આપ શોભી રહ્યા છો. (સોભીત રંગભીને) આવા પ્રભુ, ગોવિન્દ -ગાયોનો આનંદ આપનારા અમે ઈન્દ્રિયધારીઓને આનંદ સુખ આપનારા છે અને ગિરિવરધારી એટલે કે અમારા દુઃખોને પોતાની આંગળી ઉપર ઉઠાવી લેનાર પણ છે. આ પણ શોભા. આવી વૈવિધ્યતાને એક સાથે ધારણ કરનાર પ્રભુને નિરખીને સ્તબ્ધ થઈ જઈ જેમ કમળ ઉપર ભમરો દોડે તેમ આ વ્રજભક્તોની દૃષ્ટિ આપના મુખમંડળ પર દોડી ગઈ. (૨)

### (૧૭૬) રાગ – ગૌરી 3/૨૯૧

ઝુક રહી સુન મુરલી કે ટેર
ઉતર્તે આઈ પનિયાંકે મિષ ગૌ આવનકી બેર ૧
મોરચંદ્રિકા મુકુટ બિરાજત ચપલ નયનકી ફેર
પરમાનંદ પ્રભુ મિલે ખિરકમેં ચાર્તે ભઈ અબેર ૨

**ભાવાર્થ :**

પ્રભુએ વ્રજભક્તો ઉપર કૃપા કરવા પ્રમેયથી આકર્ષિત કરવા મુરલી બજાવી. તે મુરલીસ્વરથી જાણે કે તેને બોલાવી અને તે સાંભળતાં જ ગોપી પ્રભુને આધીન (ઝુક) થઈ ગઈ. જેમ પ્રભુ ચતુર છે તેમ ગોપી પણ ચતુર છે તેથી આ બાજુથી પ્રભુ ગાયો ચરાવીને પધારી રહ્યા છે તો આ બાજુથી જલ ભરવાને બહાને ગોપી

આવી રહી છે. સામાન્ય રીતે સરિતા સાગર ભણી ધસમસતી આવે પણ અહીં તો વિરુધ્ધ ધર્માશ્રયની પ્રમેય લીલા છે. તેથી સાગર ઘુઘવાટ કરી નદીને બોલાવે છે અને સાગર નદી તરફ ધસે છે અને નદી સાગર બન્નેનો ભેટો થાય છે. નિષ્કામ સ્નેહરૂપા યમુનાજીના તટે. (૧)

તેથી તો પ્રભુએ જ મુકુટ ધાર્યો છે તે મોરચંદ્રિકાનો છે. પ્રભુ કહે છે હું તો નિર્દોષ છું પણ તમે જો મને મળવા ચાહતા હો તો આ યમુનાજી સમાન તથા મારી મોરચંદ્રિકાને જોઈને સમજી લો કે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર આવો, તો હું ધર્મી તમને મળીશ. આપના નયન ખૂબ જ ચપલતાથી ફરી રહ્યા છે એટલે કે ભક્ત દંભાદિરહિત છે કે નહીં તેને તુરત પકડી પાડનાર છે. પરંતુ જ્યારે બધી પાત્રતા પૂર્ણ થાય છે ત્યારે પ્રભુ ખિરકમાં કે જ્યાં ગાયોનું દૂધ દહોવાય છે જ્યાં રસરૂપ ગાયોનો વાડો છે ત્યાં રસરૂપ પરમાનંદનું દાન પ્રભુ ગોપીજનોને કરે છે. જેથી તો ગોપી કહે છે કે હું (અબેર સમય સાથે નહિ બંધાયેલી) નિરપેક્ષ થઈ ગઈ. હું બંધાઈ છું તો તે માત્ર પ્રભુ સાથે. (૨)

## (૧૭૭) રાગ – ગૌર                                   ૩/૨૯૨

દેખન દેત બૈરીન પલકેં
નિરખત વદન લાલ ગિરિધરકી બિચ પરત માનો વ્રજકી સલકેં ૧
બનતે આવત બેનુ બજાવત ગોરજ મંડિત રાજત અલકે
માથે મુકુટ શ્રવન મણિકુંડલ લલિત કપોલન ઝાંઈ ઝલકે ૨
ઐસોમુખ નિરખન કો આલી કૌન રચી બિચ પૂત કમલકે
નંદદાસ સબ જડનકી ઈહિ ગતિ મીન મરત ભાયે નહિ જલકે ૩

**ભાવાર્થ :**

પ્રભુ સાંજે પધારી રહ્યા છે ત્યારે ગોપીજનો પ્રભુને એકીટસે નિહારીને પી રહી છે ત્યારે તેઓને પલકભરનો વિરહ ખમાતો નથી જેથી કહે છે કે આ મારી આંખની જે પલક છે તે જ મારી વૈરી બની ગઈ છે, જે મને પ્રભુને નિહાળવામાં અડચણરૂપ બને છે. આ લાલગિરિધરના વદનકમળને નિરખવામાં આ વ્રજની કણી-શલાકા જેવી પલકો નડતરરૂપ બને છે. (૧)

હવે જેના દર્શન માટે તડપે છે તે કેવા છે? પ્રભુ વેણુ બજાવતાં બજાવતાં પધારી રહ્યા છે આપની અલકાવલી ગોરજથી મંડિત થયેલ છે. આપના શિર પર મુકુટ છે કર્ણમાં મણિકુંડલ ધારેલા છે અને તેનો પ્રકાશ ગાલ ઉપર સુંદર પ્રકાશે છે. (૨)



આવા મધુરામુખકમળને નિરખવા માટે હે સખી, આ બ્રહ્માજીએ વચ્ચે આ પાંપણને કેમ બનાવી?

નંદદાસજી કહે છે જડબુદ્ધિવાળાની આવી જ રીત હોય છે, જેમ માછલું મરે તેમાં જલને શું? તેવું જ આ બ્રહ્માજીએ વિચાર ન કર્યો કે પાંપણ મૂકવાથી આ ગોપીજનોની શું દશા થશે? (૩)

## (૧૭૮) રાગ – પૂર્વી                                   ૩/૨૯૨

દેખોરી આવત હૈ ગોપાલ ગોપ ગાયન પાછે ગોપજન મન હરત હેરત ૧
ફૂલનકી પાગ બની ફૂલનકી માલ ઉર ફૂલી ફૂલી નવલાસી કર ફૂલનકી ફેરત ૨
વ્રજકી વીથન મેં પ્રવેશ હોત જાકે હેત
જાકે દ્વાર ઠાડે વચન સુનાયવેકો સખાન ટેરત ૩
કલ્યાણ કે પ્રભુ ગિરિધારી કો મુખારવિંદ દેખવેકું
દૌરી આઈ જીયમેં ઝેરત ૪

**ભાવાર્થ :**

જૂઓ આ ગાયોના રખેવાળ (આપણે પણ ઈન્દ્રિયધારી ગાયો જ છીએને ?) આવી રહ્યાં છે, જે સૌના સ્વામી ત્રિભુવનનાથ હોવા છતાં આપણા માટે ગોપ બનીને સૌની આગળ હોવા જોઈએ પણ આપણી સૌની પાછળ પાછળ અનુસરણ-અનુકરણ કરી રહ્યા છે. તે કેવું આશ્ચર્ય છે દેખો... અને તેથી તો આપે આપણ સૌ ગોપજનનું મન હરિ લીધું છે અને આપણાં મનમાં પેસીને આપણને શોધી રહ્યા છે અથવા કહો કે આપણને જોઈને પ્રસન્નતાથી પૂકારી રહ્યા છે. (૧)

આવા વ્રજભક્તોનું સ્વરૂપ ફૂલ છે એટલે કે કોમળ સ્વભાવના છે તેથી તો પ્રભુના સુખે સુખી અને પ્રભુના દુઃખે અતી દુઃખી થાય તેવા દાસ છે. આવા વ્રજભક્તોને પ્રભુએ પોતાની પાઘ બનાવી શીરે ધાર્યા છે. (આ વ્રજભક્તોનું ઋણ હું કોઈ રીતે ફીટાવી શકું તેમ નથી. તેમ આપ કહે છે.) અને આપ ફૂલમાળા રૂપે આ વ્રજભક્તોને પોતાના હૃદય ઉપર ધારણ કરે છે. જેમ નવોઢા તરુણી ફૂલાય તેમ આ વનમાલા રૂપ વ્રજભક્તો પોતાના ભાગ્યને વિચારી ફૂલાય છે. આપના શ્રીહસ્તમાં પણ ફૂલ છે તે કમલફૂલ - સ્વામીનીજી તેમની સાથે પણ આપ રમણ કરીને વિશેષ સુખ આપી રહ્યા છે. (ફેરત) (૨)

આ વ્રજભક્તો પ્રતિ હેત (પુષ્ટિ) હોવાના કારણે તો આપ આ નાનાસા ગોકુલની સાંકડી ગલીઓમાં પ્રવેશી રહ્યા છે અથવા કહો કે આપ વ્રજભક્તોનો સ્નેહ હોવાને

કારણે જ તેમની ઈન્દ્રિયો તથા દેહમાં પ્રવેશીને આંતરસુખ આપી રહ્યા છે.

આ ગોપીજનો તો પોતાના દ્વારે ઠાડા છે પણ પ્રીતિવશ આપ પ્રમેય કરીને આ પુષ્ટિભક્તોના ઘરે બિરાજે છે, પધારે છે અને ઠાડા રહેવા રૂપ શ્રમને શ્રમ નથી ગણતા (જેમ રાખે તેમ રહે છે) પણ ભક્તોના મનોરથો પૂર્ણ કરવા રૂપ વચનો સંભળાવી રહ્યા છે. મર્યાદારૂપ વેદસખા જે કરવાથી મર્યાદા ન લોપાય તેમ બૂમો પાડીને કહે છે પણ પ્રભુ પ્રેમવશ મર્યાદાભંગ કરે છે. (૩)

જે જીવ પ્રભુનું કલ્યાણ (તત્સુખ) જ ઈચ્છે છે ત્યાં પ્રભુ તેવા ભક્તોનો ભાર વહી લે છે (ગિરિધરન) અને વિશેષમાં નિરોધ - સ્વરૂપાનંદનું દાન કરે છે. (મુખારવિંદ દેખવેકું દૌરી આઈ) તાપકલેશ પૂર્વક ઉચાટ જીવથી કે પ્રભુને વનમાં કેવી કેવી તકલીફો પડી હશે ? તેવા વિચાર સહિત દર્શન માટે દોડી આવી. (૪)

## (૧૭૯) રાગ – ગૌરી 3/૨૯૩

**વે દેખો આવત હૈ ગિરિધારી**
**કછુક ગાય આગે અરૂ પાછે સોભિત સંગ સખારી** ૧
**ખસ રહી પાગ લટપટી સુન્દર અપને હાથ સંવારી**
**મોતિન કી લર ઉરકે ઉપર રુરક્ત વનમાલા રી** ૨
**અંગઅંગ છબિ ઉઠત તરંગન કા પૈ જાત નિહારી**
**શ્રીવિઠ્ઠલ ગિરિધરન સબનમેં ચાહ તિહારી ન્યારી** ૩

**ભાવાર્થ :**

ગોપીજનો પ્રભુના આવવાની રાહ એકટશે જોઈ રહી છે ત્યારે ક્ષિતિજ ઉપર એક ગોપીને પ્રભુની આવવાની આકૃતિ દેખાઈ રહી છે અને જેમ નજીક આવતાં જાય તેમ સ્પષ્ટ થતી જાય છે. તેથી આગળને આગળ વર્ણન કરતી રહે છે - જૂઓ તે ગિરિધારી આવી રહ્યા છે. તેમની આગળ કેટલીક ગાયો છે અને કેટલીક પાછળ છે. અને આપ સખાઓ સાથે શોભી રહ્યા છે અથવા સખા તથા ગાયોની શોભારૂપ આપ છો. (૧)

અને જૂઓ જે પાઘ આપે શિર પર બાંધી છે તે ખસી ગઈ છે તેને આપ સ્વહસ્તે સંવારી રહ્યા છે. આપના હૃદય પ્રદેશ સુધીની લાંબી મોતીઓની માળા અને વનમાલા બન્ને હાલી રહી છે. (૨)

આવા દર્શનથી આપણા અંગેઅંગમાં - રોમાવલીમાં તરંગો ઉઠી રહ્યા છે અને એ



નથી સમજાતું કે આપના કયા સૌંદર્ય દર્શનથી આ થઈ રહ્યું છે ? અથવા કહો કે આ પ્રકારે આપને નિરખવાથી અમે શિથિલ થઈ ગયાં છીએ (અતીશય ભાવાવેશને કારણે). અમારી આપ પ્રતિની ચાહત હે શ્રીવિઠ્ઠલ ગિરિધર, બસ સૌથી નિરાળી જ છે. મતલબ કે તેવી ચાહત કોઈમાં જ નથી. (૩)

## (૧૮૦) રાગ – ગૌરી 3/૨૯૮

**હરિમારગ જોવત ભઈ સાંઝ**
**દિનમણિ અસ્ત ભયો ગોધૂરક આવત બને મંડલી માંઝ** ૧
**બાજત બેનુ રેનુ વન મંડિત વનમાલા ઉર લોચન ચારૂ**
**બરુહા મુકુટ શ્રવન ગુંજામની વન જ ધાતુકો તિલક સિગારૂ** ૨
**ગોપીનને ભૃંગ રસલંપટ સાદર કરત કમલ મધુપાન**
**વિરહ તાપ મોચન પરમાનંદ મુરલી મનોહર રૂપનિધાન** ૩

**ભાવાર્થ :**

પ્રભુ જે માર્ગે પધારવાના છે તે માર્ગ ઉપર પ્રભુની રાહ મારા નયનાં જોઈ રહ્યા છે અને હવે તો સાંજ પણ પડી ગઈ. આ સૂર્ય પણ આથમી ગયો હવે ગાયોની રજ ઉડતી જણાય છે અને આપ પોતાના મંડળ સહિત પધારી રહ્યા છે તેમ લાગે છે. (૧)

બીજી સખી કહે છે, વાત બિલકુલ બરાબર છે, કેમ કે વેણુ પણ વાગી રહી છે. તો ત્રીજી કહે છે, જૂઓ હવે તો આપનું સ્વરૂપ પણ સ્પષ્ટ જણાય છે. આપનું વપુ રેણુથી મંડિત તથા સુંદર લોચન પણ દેખાઈ રહ્યા છે. આપના શીર પર ઉત્તમ મુકુટ તથા કાનમાં ગુંજામણિના કુંડળ તથા ભાલ ઉપર વનધાતુના તીલક આવો આપે શૃંગાર ધર્યા છે. (૨)

આ ગોપીઓ જે રસ માટે લંપટ ભમરા જેવી છે તેઓ આ કમલ સમાન પ્રભુના મુખારવિંદનું રસપાન આ પ્રમાણે કરી રહી છે. કેમ કે આ પ્રભુ પરમ આનંદ રૂપ છે અને વિરહ-તાપ રૂપ દુઃખોનો નાશ કરવાવાળા છે. મુરલી શબ્દથી તથા રૂપ નિધાન રૂપથી મનને હરિ લેનારા છે એટલે કે ગોપીનું મન રસલંપટ કરનાર આ પ્રભુ જ છે. (૩)

## (૧૮૧) રાગ – ગૌરી 3/300

**મોહન તીલક ગોરોચન મોહન મોહન લલાટ અતી રાજૈ**
**મોહન સિર પર મોહન કુલ્હી મોહન સુરંગ અતી ભાજે** ૧

મોહન શ્રવન કુસુમ જુ મોહન કપાલ અવતંસ વિરાજે
મોહન અધર પુટપૈ મોહન મુરલી મોહન બાજૈ ૨
મોહન મુખારવિંદ પૈ ઝૂમત મોહન અલક અલી મધુ કાજૈ
ગોવિંદ પ્રભુ નખસિખ જુ મોહન મોહન ધોખ સિરતાજૈ ૩

**ભાવાર્થ :**

પ્રભુ વનમાંથી સાંજ સમયે વ્રજમાં પધારી રહ્યા છે ત્યારે આપના સ્વરૂપના જેવા દર્શન થાય છે તે વર્ણન આ પદમાં ગોવિન્દસ્વામી કરે છે.

આપે સર્વ શૃંગાર ગોપીજનોને મોહ પમાડવા એટલે કે લોક વેદમાંથી હટાવી દેવા જ ધર્યા છે. આપે મોહ પમાડવા માટે ગોરોચન (પીળારંગનું સુગંધી દ્રવ્ય)નું તીલક કર્યું છે. આપનું લલાટ પણ ખૂબ જ શોભે છે, આપના શીર પર કુલ્હે ધરી છે અને તેનો સુંદર રંગ ખૂબ જ શોભે છે. મોહ પમાડવા માટે. (૧)

આપના કાનમાં ધરેલાં ફૂલ મોહ પમાડે છે તથા આપનાં કપોલને (ગાલ) શોભિત કરી મોહ પમાડી બિરાજે છે. આપના મોહક અધર (જેનાથી મુખ ઢંકાય છે તેના) ઉપર મોહક મુરલી મોહ કરી વાગી રહી છે. (૨)

આપના મોહક મુખારવિંદ ઉપર મોહક અલકાવલિ જાણે મધુ પ્રાપ્તિ માટે ઝુમતા હોય તેમ જણાય છે. વિશેષ શું કહીયે ? આજે ગોવિંદ - અમારા સ્વામી છે, પ્રભુ છે તે તો ચરણના નખથી તે શીખા પર્યંત મોહ પમાડનારા છે. આવા મોહન અમારા ધો (ગૃહ) ના સર્વોચ્ચ સ્થાને છે. (૩)

## (૧૮૨) રાગ – ગોરી

દુહું દિસ છોર દુમાલેકી અતિ નિકી પરમ સુહાયે રી માઇ
ગાયન કે સંગ વન તે આવત નાગર કુંવર કન્હાઇ માઇ ૧
અધર જુ મુરલી ધરે નંદનંદન બેનુ બજાઈ રિઝાઈ રી માઇ
ગોપીજન કે જુથ રાધિકા શ્રવન સુનત ઉઠ ધાઈ રી માઇ ૨
ગોકુલ ગલીન પ્રવેશત દેખત ફૂલી અંગ ન સમાઈરી માઇ
કુસુમકલી જુ બરખત સુરપૂર પરમાનંદ બલી જાઈ રી માઇ ૩

**ભાવાર્થ :**

હે માઈ, હે સખી આ કન્હાઈ કુવરની છબિ તો જૂઓ - આપે શિર પર ધરેલ દુમાલાના બે છોગાં ખૂબ ખૂબ ઉત્તમ શોભાય છે. આપ ગાયો સાથે વનમાંથી



પધારી રહ્યા છે. (૧)

આપે અધર ઉપર મુરલી ધરીને જે વેણુ બજાવી છે તેનાથી સર્વ વ્રજભક્તોને પ્રસન્ન કરી દીધા છે અને તેથી તો રાધિકાની સંગી ગોપીજનોના જૂથ તે સાંભળતાં જ જ્યાં હતા ત્યાંથી ઊઠીને દોડયાં છે. (૨)

અને આપશ્રી ગોકુલની ગલીઓમાં પ્રવેશ્યા તે જોઈને તેમના અંગે અંગ પૂલકિત થઈ ગયાં છે. (આકાશમાંથી) સ્વર્ગમાંથી દેવપત્નીઓ કુસુમકળીઓને વરસાવે છે આવા ઉત્સવના દર્શનથી પરમ આનંદ છવાઈ ગયો છે અને તેના ઓવારણા પરમાનંદદાસ લે છે. (૩)

## (૧૮૩) રાગ – ગોરી 3/

આજ લાલ ટિપારે છબિ અતી બની
બિચ બિચ ચારૂ સિખંડ બીચ બીચ મંજુરી નૂત વિરાજન ૧
ધેન રેનુ રંજિત અલકાવલી રગમગાત સોંધે સેની
મધુપ જૂથ ઉડિ ઉડિ બૈઠત સખી પારીજાતિ અવતંસની ૨
અંગદ વલય કર મુદ્રિકા ખચિત નગ કટિતટ પીત કાછેં કાછની
શ્રીવત્સ લચ્છ ઉરહાર વિસદ સખિ કંઠ લસત કૌસ્તભ મની ૩
ત્રિજગ ભંવરી લેત સુઘર ચગતા વીઘીઘીકર થગથગની
ગ્વાલતાલ ગતિ ઉઘટની ગોવિન્દપ્રભુ ત્રૈલોક વિમોહત
નિર્તત રસિક શિરોમણી ૪

**ભાવાર્થ :**

પ્રભુ ગૌ ચરાવીને વ્રજમાં પધારે છે ત્યારે આપની છબિના દર્શન થતાં જ શીશથી ચરણ સુધી દ્રષ્ટિ ભક્તોની ફરે છે ત્યારે તેમના મનોભાવ ગોવિન્દસ્વામી કીર્તનરૂપે પ્રકટ કરે છે.

આજે આ લાલે જે ટીપારો ધારણ કર્યો છે તેથી આપનું સૌંદર્ય નિખરે છે કેમ કે વચ્ચે વચ્ચે પાછી સુંદર મોરપીચ્છ (સિખંડ) છે અને ફલરૂપ મંજૂરી પણ છે. આમ આપ અમારી મનોકામના પૂરી કરશો પણ અમારી કામના અતીશુદ્ધ પ્રભુને લાયક હોવી જોઈએ (નિષ્કામ - લૌકિક કામના રહિત) મંજૂરી છે તો ફલ પણ થશે.(૧)

આપની અલકાવલી ધેનુ રેણુથી રંજિત છે એટલે કે તેમાં રજ ભળી ગઈ છે ઊંડે સુધી તેથી આપ નિ:સાધનભક્તોથી બિલકુલ અંતર રાખવાવાળા નથી તેમ સૂચિત

થાય છે. જે ભક્તો ભ્રમરની જેમ આપના મુખકમળમાં એકચિત્ત થાય છે તેવા ભક્તો માટે વિશેષ કરીને આપ સુખ દેનાર ભક્તિમય સુગંધ વાળા છે ! આપના કર્ણમાં પારીજાત દૈવી પુષ્પો - દૈવી ભક્તો - પુષ્ટિભક્તો જ બીરાજે છે આ ભક્તો સ્વર્ગના એટલે કે દૈવી છે.

**(૧૮૪) રાગ – પૂર્વી** 3/

**સોહત કનક કુસુમ કરન**
**અરૂ સોહત મોતીન અવતંસ લટકત મનમથ મનહરન** ૧
**લાલપાગ આધે સીર કુલહે ચંપક બરન**
**ગોવિન્દપ્રભુ સિંઘદ્વારે ઠાડે પિય સખા અંસભૂજ ધરન** ૨

**ભાવાર્થ :**

વનમાંથી પધારી રહેલા ઠોકારજીનું ગોવિન્દ સ્વામીજી વર્ણન કરે છે - આપશ્રીના કર્ણમાં સુવર્ણના કુસુમ આકારના આભારણ શોભી રહ્યા છે અને મોતીના આભૂષણ (માળાદિ) લટકી રહ્યા છે તેવા મન્મથભક્તોના મનનું માનથન કરીને મનને હરિ લેવાવાળા પ્રભુ છે. (૧)

આપે શીરના અડાધા ભાગમાં લાલરંગની પાઘ શોહે છે અને તેમાં જે કુલ્હેના ભાગ છે તે ચંપક વર્ણના છે.

આવા પ્રભુ ગોકુલમાં નંદજીના સીંધપોળના દ્વાર સુધી આવીને ઠાડા છે. તે જ અમારા પીય છે, પ્રિય છે અને તે સખાના ખભા પર થોડો ટેકો લઈને ઠાડા છે.

આ વર્ણન એટલા માટે કરેલ છે કે પ્રભુ આવીને બિરાજી ગયા છે માટે ચાલો સન્મુખ થઈએ તેમ જણાવે છે. (૨)

**(૧૮૫) રાગ – પૂર્વી** 3/

ગાયનકે પાછેં નટવર કાછેં કાછે
બન્યો હૈ ટિપારો આછો લાલ ગિરિધારીકે
ધાતુકો તિલક કીયે બની ગુંજા માલ ટિપે
વનકે સિંગાર સબ વિપિન બિહારી કે ૧
નટવર વેષ કિયે ગ્વાલનકો સંગ લીયે
ગાવત બજાવત દેત કર તારીકે
**ગોવિન્દપ્રભુ વનતેં વ્રજ આવત**
દૌર દૌર વ્રજનારી ઝીંકત મધ્ય જારીકે ૨



**ભાવાર્થ :**

સાંજના સમયે પ્રભુ ગાયોને હંકારી તેમની નજીક નજીક નટવર વેશધારી થઈને પધારી રહ્યા છે. આપે ખૂબ જ સુંદર ટીપારો ધારણ કર્યો છે. આપ છે નાનકા લાલ પણ સૌ ગાયોના રક્ષક (ગિરિધારી) હોય તેમ જણાય છે. ધાતુના રંગથી તીલક કર્યું છે તથા હૈયા ઉપર ગુંજામાલ બિરાજે છે. આ પ્રભુ જે વનમાં જ વિહાર કરે છે તેમણે શિંગાર પણ વનની સામગ્રીના જ ધર્યા છે. (૧)

આપની સાથે ગ્વાલ બાળકો છે અને આપે નટવર વેશ કર્યો છે એટલે કે શ્રેષ્ઠ નટ બન્યા છે. તેથી તો ગાન કરે છે પણ આપ અને બજાવે છે પણ આપ અને સાથે સાથે બધાંને તાલી આપીને રમઝટ મચાવી છે. આવા શૃંગારી તથા ખેલતા પ્રભુ, ગાયો-ગોપો સાથે વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે તે જાણીને વ્રજની નારી દોડી દોડીને ઘરની જાળીઓની વચ્ચેથી આપને અનિમેષ નયને નિરખવા લાગી. (૨)

**(૧૮૬) રાગ – ગૌરી** 3/

**વનતેં આવત નટવરલાલ**
**ઝૂમત આવત મત્ત ગયન્દ સમ છબિ નિરખત વ્રજબાલ** ૧
**સિસ ટિપારો બન્યો અનુપમ મંલ્લકાછ કટિ રાજે**
**પગ નુપૂર ધુનિ રુનઝુન બાજે હંસત કમલ કર સાંજે** ૨
**સુરભિવૃંદ ચહું દિસ રહી ઠાડી, સિંઘપોર આનંદ**
**સૂર નિરખી અતી પ્રફૂલ્લિત માત જસોદા નંદે** ૩

**ભાવાર્થ :**

વનમાંથી પ્રભુ પધારી રહ્યા છે આપ કોઈના માટે નટરૂપ છે (અન્યપૂર્વા) તો કોઈને માટે વરરૂપ છે (અનન્યપૂર્વા માટે). આવા પ્રભુ મદથી મસ્ત થઈને ઝૂમતા-ડોલતા મસ્તીમાં (પોતાની) ચાલતા હોય તેવા દૃશ્યને (પોતા માટે તેવા બની રહે તેવા મનોરથપૂર્વક) વ્રજબાળાઓ નિરખી રહી છે. આપે શિશ ઉપર ટિપારો ધર્યો છે જેથી ત્રણે પ્રકારના ભક્તો (સાત્વિકાદિ) ને સુખ આપશે અને તે સુખ પણ ઉપમા ન આપી શકાય (અનુપમ) તેવું હશે. (૧)

આપે મલ્લકાચ્છ ધારણ કર્યો છે તેથી જ પ્રતીત થાય છે કે આપ આપનો વીર્ય ધર્મ પ્રકટ કરો છો. આથી આપનો યશ પ્રકટ થાય છે. આપ મંદસ્મિત કરી રહ્યા છે. તે આપની પ્રસન્નતાનો સાનુભાવ સહુને કરાવી રહ્યા છે. તે આપનું જ્ઞાન પ્રકટ કરે છે અને આપના શ્રીહસ્તમાં કમલ ધારણ કર્યું છે તેમાં સુકોમળતા નિર્દોષતા નિર્મળતા જલકમલવત્ પણ છે. આમ, આપ પોતાના વૈરાગ્યભાવની સુવાસ પ્રસરાવો છો. (૨)

આવા ધર્મ સહિતના ધર્મીના દર્શન થવાથી જે સુરભી એટલે દેવતાઓની ગાય, એટલે કે દિવ્ય ઈન્દ્રિયધારી વ્રજસ્ત્રીઓ કે જેઓ નિષ્કામભાવવાળી છે, સર્વાત્મ ભાવવાળી છે, તેઓ પ્રભુની ચારેબાજુ સ્થિત થઈ ગઈ છે. અને સિંધપોર કહેતા વ્રજમંડલમાં આનંદ પ્રકટીને ફેલાઈ રહ્યો છે.

દેવતાઓ આ દૃશ્ય જોઈને ખૂબ જ પ્રફૂલ્લિત થઈ ગયા છે અથવા આ દૈવી દેહ ધારીઓના હૃદય (પ્રફૂલ્લિત) ખૂબ વિકસી ગયા છે. સાથે સાથે માત યશોદા પણ પોતાના વાત્સલ્ય ભાવથી આનંદપામે છે અથવા કહો કેપ્રભુ સ્વયં જે સર્વસૃષ્ટિના જનક (જનની) છે તે આ વ્રજભક્તોમાં અનુપમ સ્નેહ પ્રકટ કરીનેતેમની જગતમાં કીર્તિ પ્રકટાવી રહ્યા છે. (જશોદા) તથા તે લીલામાં આપ વિશેષ આનંદ પામે છે. (ગોપી પ્રેમકી ધ્વજા - યશ) (૩)

## આશ્રય

**(૧૮૭) રાગ – બિહાગ** **૩/૩૯૧**

લગે જો શ્રીવૃંદાવન કો રંગ
મનકે મૈલ સબે છૂટ જૈહે અરૂ વિષયન કો સંગ ૧
રાધાવર સેવત અરૂ સુમરત ઉપજત લહર તરંગ
સખીભાવ સહજ હોય છીનમેં પુરુષભાવ હોય ભંગ ૨
દેહઅભિમાન સબૈ છૂટ જૈહૈ મનસા હોય અપંગ
**પરમાનંદ** નંદનંદન ભજ મિટી હૈ કોટી અનંગ ૩

**ભાવાર્થ :**

પરમાનંદદાસજી નંદનંદનનો અનન્યાશ્રય કઈ રીતે થાય તેનું બયાન કરે છે. સૌ પ્રથમ તો કહે છે કે જો વૃંદાવનનો રંગ લાગી જાય તો મન પર જે અવિદ્યાના અશુદ્ધ પોપડા લાગ્યા છે તે ખરી પડે અને વૃંદાવનનો રંગ લાગે તો વિષયોનો સંગ છૂટી જાય. વૃંદા એટલે કૃષ્ણનાં પ્રિય ગોપીજનો. આ ગોપીજનોનો સમૂહ તે જ વૃંદાવન. આવાં આપણા ગુરૂ ગોપીજનોનો રંગ લાગે એટલે કે તેમના જેવો પ્રભુપ્રતિનો ભાવ આપણામાં જાગે તો તો પછી ભગવાન સ્વયં આપણી અવિદ્યા રૂપ પૂતનાને મારી નાખશે. આ પ્રકારે આધિભૌતિક અવિદ્યા દૂર થતાં મન પવિત્ર થશે. હવે પ્રમેય લીલાથી જેમ વ્રજભક્તોની આધ્યાત્મિક અવિદ્યા દૂર કરીને આસક્તિ કરાવી તેમ વૃંદાવનના સંગથી વિષયોનો ઈન્દ્રિયો સાથેનો સંગ છોડાવશે અને



વિષયાસક્તિ ભગવદાસક્તિમાં પલટાશે. તે પછી સાધન પ્રકરણમાં જેમ પ્રભુ વ્રજભક્તો માટે સાધન લીલા કરે છે તેમ આધુનિક જીવો પાસે પ્રભુ રાધાવર - શ્રીકૃષ્ણની સેવા અને અનવસરમાં કથા સ્મરણ કરાવશે. તેના કારણે ભક્તને પ્રભુમાં વ્યસન થતાં તેના હૃદયમાં પ્રભુલીલાની લહેરો-તરંગો ઉઠશે જેના પર તે ભક્ત વિહાર કરશે. (૧)

તેવા જીવને પ્રભુ સખ્યભાવનું દાન કરે છે. આ દાનમાં પ્રભુ જ સાધન બને છે તેથી સખીભાવરૂપ ફલ સહજતાયે - વિના પ્રયાસે થાય છે અને તે માટે પ્રભુ સ્હેજે વિલંબ નથી કરતા (છીનમેં) તેવા જીવનો પુરૂષભાવ નષ્ટ પામે છે. એટલે કે પુંભાવ ક્યારેય પ્રકટ નથી થતો. એટલે કે પ્રભુપ્રતિ સદાય દૈન્યભાવ જ રાખે છે. સખી હોવા છતાં માન નથી કરતા. 'દૈન્યમ્ તત્ તોષ સાધનમ્.' (૨)

તે દૈન્ય એવા સ્વરૂપને ધારણ કરે છે કે તેનામાં સર્વસમર્પણ ભાવ દૃઢ થઈ જાય છે અને ત્યારે દેહ પણ પોતાના અધિકારમાં નથી તેવો ભાવ થતાં દેહાભિમાન સર્વ પ્રકારે છૂટી જાય છે અને જ્યારે બહારના અંગો પ્રભુના થઈ ગયાં તો અંદરના અંગો અંતઃકરણ પણ પ્રભુનાં જ હોવાથી, મન પણ પોતાનું ન રહેતાં પ્રભુનું થઈ જાય તેવી દૃઢતાં થતાં કોઈપણ મનસા (મનમાં જાગતી ઈચ્છા-અપેક્ષા) પણ રહેતી નથી. મનસા અપંગ થઈ જાય છે એટલે સ્વ-અર્થ અપેક્ષા લુપ્ત થાય છે, ભગવદ્ સંબંધિ મનોરથો તો રહે છે. તેથી અપંગ કહી છે.

તે પછી પ્રભુ પરમાનંદ-ભજનાનંદનું દાન કરશે. માટે કરવા લાયક જે કંઈ છે તે તો નંદનંદનને ભજવા છે. તે જે પરમરસ પાશે તે તો કોટી-કામદેવના રસ કરતાં ય અનેક ઘણો હશે. કેમ કે કામરસ તો લૌકિક છે અને ભગવદ્રસ તો આલૌકિક છે. કોટી અનંગ આ ભજનાનંદ પર ન્યોછાવર છે. (૩)

## વસંત બહાર

**(૧૮૮) રાગ – માલકૌંસ** **૪/૧**

લહેકન લાગી બસંતબહાર સખી ત્યોં ત્યોં બનવારી લાગ્યો બહેકન
ફૂલ પલાસ નખ નાહર કૈસે તેસે કાનન લાગ્યો મહેકન ૧
કોકીલ મોર શુક સારસ હંસ ખંજન મીન ભ્રમર
અખીયાં દેખી અતી લલકન ૨
**નંદદાસ** પ્રભુ પ્યારી અગવાની ગિરિધર પિયકોં દેખ ભયો શ્રમકન ૩